Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૨૮ · તા. ૦૫ થી ૧૧ જુલાઈ ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## ગુરૂપૂર્ણિમા નિમિત્તે
## સદગુરૂ ચરણોમાં કોટિ કોટિ વંદન!



ભવસાગર મેં
આતે રહે તુફાન
ગુરૂ બચાવે
દઈ સાચું જ્ઞાન

સંસ્કાર ઘડવૈયા ગુરુ
શાંત સૌમ્ય જ્ઞાન
ગુરુ ચરણોની સેવા
બનાવે સહજ મહાન

**પ.પૂ. યતિશ્રી મોતીસાગરજી મ.સા.**
**પ.પૂ. ગુરૂ યતિવર્ય ક્ષમાનંદજી મ.સા.**
**પ.પૂ. દાદાગુરૂ શ્રીપૂજ અચલગચ્છાધિપતિ જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી**

ગુરૂ પૂજન એટલે જ્ઞાનનું પૂજન
ગુરૂ પૂજન એટલે સત્યનું પૂજન
ગુરૂપૂજન એટલે અનુભવોનું પૂજન

હરહંમેશ ગુરૂકૃપા ઈચ્છનારા



માતુશ્રી મુરબાઈ વિસનજી શીવજી લોડાયા પરિવાર (બાંઢિયા)
માતુશ્રી જયાબાઈ દામજી વિસનજી ધરમશી પરિવાર (જખૌ)
વતી અ.સૌ. પ્રભા હેમેંદ્ર લોડાયા (હાલ-મુલુંડ)



# મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળનો
# "મહારાષ્ટ્ર ગૌરવ એવોર્ડ" મેળવવા બદલ હાર્દિક અભિનંદન







**શ્રી કેતન કુલીનકાન્ત નાગડા** (તેરા-નાંદેડ)

**સ્વાશ્રયે રચી સફળ કારકિર્દીની ઈમારત,**
**તું સૌ સ્વજનોનું ગૌરવ,**
**મેળવ્યો મહારાષ્ટ્ર ગૌરવ એવોર્ડ,**
**તે અમને કરાવ્યો અનોખો અનુભવ**

## શુભેચ્છક

| | | |
|---|---|---|
| દાદા-દાદી | : | માતુશ્રી લીલાવંતી ગોવિંદજી નાગડા (તેરા-નાંદેડ) |
| બા-બાપુજી | : | શ્રીમતી મધુબેન કુલીનકાન્ત નાગડા (તેરા-નાંદેડ) |
| કાકા-કાકી | : | સૌ. વિમલાબેન જયંતીલાલ નાગડા (તેરા-નાંદેડ) |
| કાકા-કાકી | : | સૌ. પુર્ણિમા સરેશ નાગડા (તેરા-નાંદેડ) |
| ફુઆ-ફોઈ | : | સૌ. ડૉ. ધનલક્ષ્મીબેન ભાસ્કર લાલકા (ધ્રાફા-દહિસર) |
| ફુઆ-ફોઈ | : | સૌ. મનોરમા તિલકચંદ લોડાયા (સુથરી-મદ્રાસ) |
| ફુઆ-ફોઈ | : | સૌ. શોભા જવેરચંદ ધરમશી (સુથરી-પુસદ) |
| ફુઆ-ફોઈ | : | સૌ. ઉર્મિલા કાંતીલાલ ધુલ્લા (સુથરી-ઘાટકોપર) |
| ફુઆ-ફોઈ | : | સૌ. ભારતી ખુશાલ છેડા (નલીયા-ગદગ) |
| ભાઈ-ભાભી | : | સૌ. દિપાલી પારસ નાગડા (તેરા-નાંદેડ) |
| બેન-બનેવી | : | સૌ. સોનલ અજય મૈશેરી (જખૌ-કોઈમતુર) |

# અગ્રણી મહિલા આગેવાન ભારતીબેન હંસ ભવાનજી ખોનાનો દેહાંત

અરિહંત શરણ
તા. ૪.૭.૨૦૧૪



**આદરાંજલિ**
જાજરમાન વ્યક્તિત્વ,
સહજ નેતૃત્વદાયી સત્વ...
અરિહંતશરણે ઉચ્ચગતિપામો,
તમને માર્ગ દર્શક બને પરમતત્વ...

## ભારતીબેન હંસ ભવાનજી અરજાણ ખીમજી (ખોના) (તેરા - માટુંગા)

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના પ્રથમ પંકતિના મહિલા આગેવાન ભારતીબેન હંસ ભવાનજી ખોનાએ ક.દ.ઓ. કન્યા છાત્રાલયના સુચારુ વહીવટમાં મોટું યોગદાન આપ્યું. આપ ભગીની સમાજ - માંડવીના પણ અગ્રણી હતા. જીવનસાથી હંસ ભવાનજી ખોના સાથે રહી અનેક જ્ઞાતિ સંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા.

માસ્તર તરીકે પ્રખ્યાત પિતા બીપીનચંદ્ર પાશ્વીર નાગડા (નલીયા - મસ્જિદ બંદર) પાસેથી મળેલા સંસ્કાર અને શિસ્તના પાઠે, આપને કચ્છના પ્રથમ સાંસદ અને પ્રથમ જ્ઞાતિ સંમેલનના પ્રમુખ શ્રી ભવાનજી અરજણ ખીમજી પોતાના પુત્રવધુ બનાવવા સામેથી માગું મોકલે તેને પાત્ર બનાવ્યા. આપે પિયરીયા અને સાસરીયાની સંનિષ્ઠ સેવા પરંપરાને આગળ વધારતા જ્ઞાતિની મહિલા આગેવાનોની પ્રથમ પંક્તિમાં સ્થાન પ્રાપ્ત કર્યું. આપની સ્મૃતિ જ્ઞાતિની ભાવિ મહિલા આગેવાનો માટે પથદર્શક બનશે.

**- પ્રકાશ સમીક્ષા સમિતિ**

## અરિહંત બેંકને ફરી એ ગ્રેડ

અરિહંત કો. ઓપ બેંકને તા. ૩૦.૬.૧૪ના સ્ટેચ્યુટરી ઓડિટમાં 'એ' ગ્રેડ પ્રાપ્ત થયો છે. અભિનંદન


શુભેચ્છાસહ Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાધા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલિકાઓના પ્રણેતા ®
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


શ્રી અનંતનાથ જિનાલયે...
પ. પૂ. સાધ્વીશ્રી શંયમગુણાશ્રીજી મ.સા. તેમજ વિભિન્ન સ્થળોએ ચાતુર્માસ ધર્મ આરાધના કરાવવા પધારેલા મહાત્માઓના ચરણે વંદના... અનુમોદના.
- તન-મન પરિવાર


શિખરજીની એકમાત્ર અને સર્વ પ્રથમ આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત વાતાનુકુલીત હોટલ
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
06558-232429

# હાથમાંથી સરકી ગયેલી એ સાનુકૂળતા પાછી મેળવવા બધાએ અહમ્‌ને ઓગાળીને પ્રયત્નો કરવા રહ્યા.

આજથી સવા ચાર વર્ષ પહેલાં અનંત યુવા શક્તિએ 'દશાઓની નવી દિશા' સૂત્ર સાથે કામ શરૂ કર્યું અને સુવર્ણકાળ લાવવાના સ્વપ્ન બતાવી દર વર્ષે ૮૦ લાખથી વધુ રકમ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની વ્યવસ્થાપક સમિતિને કામકાજ માટે મળે તેવા વચનો દાતાઓ પાસેથી મેળવ્યા. એ સાનુકૂળતા અત્યારે હાથમાંથી સરી ગયેલી લાગે છે.

દરેક ચૂંટણી પછી બહુમતી મળેવનાર પક્ષ કે ગ્રુપ પ્રારંભમાં અતિ ઉત્સાહથી વિવિધ આગેવાનો અને દાતાઓ પાસેથી સારો એવો ફાળો નોંધાવવામાં સફળ થાય છે. પરંતુ ધીમે ધીમે મુખ્ય અધિકારીઓ અને કાર્યકરોની સ્વકેન્દ્રી કાર્યપદ્ધતિને કારણે આ દાતાઓ નારાજ થતા જાય છે અને આપેલા વચનો અંગે પીછેહઠ કરતા હોય છે.

દાતાઓ પોતે આપેલા વચનોનું પાલન કરે એવી સ્થિતિ કરવા શું કરવું જરૂરી છે એ બાબત બધા સમજદાર જ્ઞાતિજનોએ જબરદસ્ત વિચારવલોણું કરવાની જરૂર છે.

મુંબઈ મહાજનની પાંચેક વર્ષ પૂર્વેની પરિસ્થિતિનું પાછલી નજરે અવલોકન કરીએ તો, દાતાઓ દ્વારા મળેલા મોટી રકમના વચનો અનંત યુવા શક્તિની સહિયારી શાખ પર આધારિત હતા અને તેના અમુક આગેવાનોના રાજીનામા પછી એ સહિયારી શાખને ધક્કો પહોંચતાં ઘણા દાતાઓ માટે એ વચનો અપ્રસ્તુત બની ગયા. આ સત્યનો સ્વીકાર કરીએ તો ચૂંટણી પહેલાં અનંત યુવા શક્તિની ટીમની જે એકતા હતી તેમાં ભંગાણ પડતાં આ સહિયારી શાખમાં ત્રુટિ સર્જાઈ જેને લીધે વચનો આપનારા દાતાઓમાં પણ બે ભાગ પડી ગયા અને જ્ઞાતિજનોમાં એવી છાપ દૃઢ થઈ કે હંમેશની જેમ કાર્યકરોમાં દેખાતા પ્રારંભના ઉત્સાહ પર બહુ વિશ્વાસ મૂકવો નહીં.

આવી વારંવાર ઊભી થતી પરિસ્થિતિઓ ભવિષ્યમાં ફરીથી ન સર્જાય તે માટે એ ન ભૂલવું જોઈએ કે મહાજનની વ્યવસ્થાપક સમિતિનું કામ સમાજની આવશ્યકતાઓને અનુલક્ષીને શક્ય તેટલી સરળતાથી, પારદર્શકતાથી અને કરકસરથી પૂરું કરવાનું છે તેને કોઈને આંજી નાખવાની જરૂર નથી. જો મહાજનની વ્યવસ્થાપક સમિતિ સમાજની આવશ્યકતાઓ શક્ય એટલી પારદર્શકતાથી અને કરકસરથી પૂરી કરે તો પ્રતિકૂળ સંજોગોમાં પણ એકદરે તો પ્રતિકૂળ સંજોગોમાં પણ એક નિશ્ચિત ધોરણ જળવાઈ શકે છે.

જોકે, આ તબક્કે વચન આપી નારાજગીથી ફાળો ન આપનારા દાતાઓને ફાળો આપવાનું મન થાય તેવી સ્થિતિ પેદા થઈ શકવાની નથી એમમાની હવે થોડાક મહીનાઓની શેષ કાર્યાવધિમાં મુંબઈ મહાજનના વર્તમાન અધિકારીઓ આ બાબતે કંઈ કરવા ન ઈચ્છતા હોય ત સ્વાભાવિક છે.

પરંતુ જ્ઞાતિહિતમાં અહીં પૂર્ણ વિરામ મુકવું ઠીક નથી. જે દાતાઓ તેમની પડખે ઊભા છે તેમની સમક્ષ મુંબઈ મહાજનના આ અધિકારીઓએ પોતે એ ફાળો મળશે તો તેનો કેવો સમજદારી ભર્યો ઉપયોગ કરશે એ અગાઉથી પારદર્શકતા પુર્વક સ્પષ્ટ કરશે તો જ્ઞાતિમાં એક પ્રકારનું સંતોષ - સુમેળનું વાતાવરણ ઊભું થઈ શકશે.

વળી, આ તબક્કે મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિએ પોતે તાજેતરમાં હાથ ધરેલી બે - ત્રણ મુખ્ય પ્રવૃતિઓઅંગે જ્ઞાતિને પૂરી જણકારી


**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 28/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

આપવી જોઈએ. આ વી એક પ્રવૃતિ એટલે તેણે ઉપાડી લીધેલ શ્રી તિલકચંદ લોડાયા અને ચેન્નઈ જ્ઞાતિ મહાજનની પહેલથી શરૂ થયેલ યુથ એક્સચેંજના પ્રોગ્રામને સફળ બનાવવાનો પડકાર ઝીલી લેવાયો તે.

બીજી એક વાત પણ સકારાત્મકતાનું દૃષ્ટાંત બની શકે. જ્યારે ઘણું મોડું થયું છે ત્યારે વસતિપત્રક સમિતિ વસતિપત્રકના પુસ્તકોના પ્રકાશન પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી શકે તે માટે તેને એ પુસ્તકો માટેના ખર્ચ જેટલો ફાળો ઉઘરાવવાની માથાકુટમાંથી મુક્તિ આપવાનો નિર્ણય મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિ દ્વારા લેવાય તો સોનામાં સુગંધ ભળે.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે પ્રકાશ સમીક્ષામાં પ્રગટ થયેલ જ્ઞાતિના સમગ્ર સમાજજીવનને સમગ્રતામાં સમજવાના પ્રયત્નોમાં સામાજિક પ્રવાહોના અભ્યાસુ પ્રવિણચંદ્ર શામજી ધરમશી (કોઠારા - સુરત) એ કરેલ સુચન કે સૌથી વધુ આર્થિક - સામાજિક સાનુકુળતાવાળી મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિએ સમસ્ત જ્ઞાતિના સમાજજીવનને સંકલિત કરવામાં શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનને દરેક પ્રકારે સહયોગ આપવો જોઈએ, નાના મહાજનોને દરેક રીતે મદદરૂપ થવું જોઈએ તે ધ્યાનમાં લેવા લાયક છે. મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિ આત્યાર સુધી નોંધાવાયેલ ફાળો ન આપનારા દાતા ઓને ફાળો આપવાનો અનુરોધ કરતાં સમજદારીપુર્વક કહી શકે કે તેઓ હવેથી મળનાર નોંધાયેલા ફાળામાંની રકમનો અમુક ભાગ સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનને તેના કામમાં સહયોગ આપવા, એનું કામ સરળ બનાવવા, જે જ્ઞાતિમહાજનો આર્થિક રીતે નબળા હશે તેમને સમસ્ત મહાજનની ભલામણ થયે આર્થિક સહયોગ આપવા ઉપયોગમાં લેશે.

ભવિષ્યમાં પણ મુંબઈ મહાજન એટલે મુંબઈના જ્ઞાતિજનો આવી ઉદાર વિચાર સરણીતા પાયા પર પોતાના અનુદાનો નોંધાવશે અને સૌ અહમ્ ઓગાળીને રચનાત્મકતા અપનાવશે તો જ કાયમી સાનુકૂળતાનું વાતાવરણ રાખી શકાશે.

**- ચંદ્રસેન મોમાયા**

### અગત્યની સુચનાઓ

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.


### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | ન્યુઝ ગ્લેઝ કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 5000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2600/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1400/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 800/- | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 400/- | 350/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

# ખંડવા નગરે શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ આદિ જિનબિંબોની પુનઃ પ્રતિષ્ઠા એવં શતાબ્દી મહોત્સવ સમ્પન્ન

મધ્ય પ્રદેશના ખંડવા નગરે શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ આદિ જિનબિંબોની પુનઃ પ્રતિષ્ટા એવં શતાબ્દી મહોત્સવના પાવન પ્રસંગે શ્રી સંઘ શિરછત્ર, તપસ્વી સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ. ભ. ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ની દિવ્ય કૃપા, ખંડવા તિર્થોદ્ધારિકા પ. પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના. દિવ્ય આશીષ અને પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ. પૂ. હિમાંશુશ્રીજી મ.સા.ની પાવન નિશ્રા તથા માર્ગદર્શનમાં પંચાન્હિકા મહોત્સવ વૈશાખ સુદ ૯ સં. ૨૦૭૦ (૮મે ૨૦૧૪) થી વૈશાખ સુદ ૧૩ સં. ૨૦૭૦ (૧૨ મે ૨૦૧૪) સુધી ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો.

વધુ લખાણ ૮મા પાને



















## ખંડવા નગરે શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ આદિ જિનબિંબોંની પુનઃ પ્રતિષ્ઠા એવં શતાબ્દી મહોત્સવ સમ્પન્ન

***છઠ્ઠા પાનાથી ચાલુ...***

મહોત્સવના પ્રથમ દિવસે મહોત્સવના સમસ્ત કાર્યક્રમોના આયોજન માટે બનાવવામાં આવેલ વારાણસી નગરીનો લાભ માતુશ્રી કસ્તૂરીબેન નારાયણજી કલ્યાણજી ધરમશી પરિવાર (સુથરી - મુંબઈ) તથા શ્રી ભરત ચક્રવર્તી ભોજનખંડનો લાભ માતુશ્રી મુરબાઈ ઠાકરશી દેવજી નાગડા પરિવાર (નલિયા - છનેરા) એ લીધેલ, એનું ઉદઘાટન એમના પરિવારજનોના હસ્તે વાજતે ગાજતે કરવામાં આવ્યું.

સવારના ભવોદધિ તારક જિનવાણી (વ્યાખ્યાન) પછી પાંચ છોડના ઉજમણાનું ઉદઘાટન સંઘપતિ શ્રી હિરેન વિશનજી ગોસર (ખંડવા)ના હસ્તે કરવામાં આવ્યું. મહોત્સવના મહામાંગલિક સ્વરૂપે શ્રી પાર્શ્વપદમાવતી મહાપૂજન બપોરના ૧૨.૩૯ વિજય મુહૂર્તે રાખવામાં આવ્યું હતું.

મહોત્સવના દ્વિતીય દિવસે શ્રી કુંભ સ્થાપના, શ્રી દિપક સ્થાપના, શ્રી જ્વારા રોપણ, શ્રી વેદિકા પૂજન, શ્રી ક્ષેત્રપાલ પૂજન તથા શ્રી માણેક સ્તંભ રોપણ પછી બપોરના શ્રી લઘુસિદ્ધ ચક્ર પૂજન સમ્પન્ન થયું. રાત્રી પ્રભુજીની ભાવના પછી શ્રી હંસકુમારભાઈ, મુકેશભાઈ તથા લહેરચંદભાઈ મૌશેરી (મુલુંડ) એ ભણાવી. શ્રી મહાકાલી માતાજીની ભક્તિ ભાવનાનો રંગ રાસ - ગરબા સાથે જમાવ્યો.

મહોત્સવના તૃતીય દિવસે શ્રી નવગ્રહ પાટલા પૂજન, શ્રી દશદિકપાલ પૂજન, શ્રી અષ્ટમંગલ પૂજન, શ્રી લઘુનંદાવૃત પૂજન તથા શ્રી ભગવતી મંડલ પૂજન શ્રી અનંતનાથ જિનાલય ગાદીપતિ યતિવર્ય શ્રી પ. પૂ. મોતીસાગરજી ક્ષમાનંદજી શ્રીપૂજની હાજરીમાં સમ્પન્ન થયા.

મહોત્સવના ચતુર્થ દિવસે સવારના મૂળનાયક શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ આદિ જિનબિંબો ગૌતમસ્વામી આદિ ગુરૂમૂર્તિઓ, પાર્શ્વયક્ષ - પદમાવતી માતાજી આદિ શાસન દેવ - દેવીની પ્રતિમાઓના ભવ્ય ગભારા પ્રવેશ વિધિ - વિધાન સાથે લાભાર્થી પરિવારોના હસ્તે સમ્પન્ન થયા.

સવારના પ્રભુજીની ભવ્યતિ ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રભુજીનો રથ, ઈન્દ્રધ્વજા, ઘોડા, શતાબ્દીની ધ્વજા, પંચપરમેષ્ઠી પદના પરિવેશમાં કલશ લઈ મહિલાઓ, જિન શાસનના વિવિધ પાત્ર ભજવતા બાળકો, વીરમગામથી આવેલ બેંડ શામિલ થયા હતા. બપોરના અંતરાત્માને પાવન બનાવતી આરાધના અઢાર અભિષેક રાખવામાં આવી હતી.

રાત્રીમાં કુમારપાળ રાજાના વેશમાં ૧૦૮ દીપકથી પ્રભુજીની આરતી અને ભક્તિ ભાવના પછી ઈન્દૌરના યુવા ગ્રુપે નૃત્ય અને છાયા નાટિકાની રજુઆત કરી. નાટિકામાં બધાજ દર્શક ઓતપ્રોત થઈ ગયા. ખંડવાની દીકરીઓએ કચ્છી ગીત ઉપર નૃત્યની પ્રસ્તુતિથી વાહ - વાહી લૂંટી લીધી. ખંડવાની મહિલાઓએ પણ નૃત્યોની પ્રસ્તુતિથી સમા બાંધી દીધો. મુંબઈથી પધારેલ મોનિકાબેન એવં સાથિયો દ્વારા વિવિધ નૃત્યોની પ્રસ્તુતિ થઈ. ઈન્દૌર યુવા ગ્રુપ તથા ખંડવાની દીકરીઓને રૂા. ૧૧૦૦૦ નું ઈનામ શ્રી સંઘ તરફથી આપવામાં આવ્યું.

ખંડવા નગરીને પાવન તિર્થ ભુમિ બનાવનાર મહોત્સવના પાંચમા દિવસે અમારા શ્રદ્ધા સ્થાન હૃદય મંડન જીવનોદ્ધારક શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ પ્રભુ, શ્રી ચન્દ્રપ્રભ સ્વામી તથા શ્રી શાંતિનાથ પ્રભુ, ગુરુ ગૌતમસ્વામી આદિ ગુરુમુર્તિઓ એવં દેવ - દેવીઓની પ્રતિમાઓ, ધ્વજાદંડ, ધ્વજા તથા કલશની પ્રતિષ્ઠાના વિધિ વિધાન સવારના ૫. ૩૦ કલાકેથી આરંભ થયા. પ્રતિષ્ઠા પછી પ્રતિષ્ઠા - પ્રશસ્તિ, જિનાલય નિર્માણના દાતાઓ તથા પ્રતિષ્ઠાના લાભ લેનાર લાભાર્થીઓની તખ્તીઓનું અનાવરણ, સર્વે અતિથીઓની ઉપસ્થિતિમાં શ્રી તીલકભાઈ નરશી દંડ (મલકાપુર), અચલગચ્છ પ્રમુખ શ્રી શામજીભાઈ નરશી દંડ (મુલુંડ)ના હસ્તે કરવામાં આવ્યું. સાથે જ ઉપાશ્રયના લક્કી ડ્રા વિજેતા માતુશ્રી મીઠીબાઈ દેવશી કચરાભાઈ ડાઘા, (ગોએરસમા - અમલનેર - પારોલા)ના પરિવારના હસ્તે હોલ ઊપર તખ્તીનું અનાવરણ કરવામાં આવ્યું.

ત્યારબાદ માંગલિક પ્રવચન તથા લાભાર્થી એવં અતિથિઓનો સન્માન સમારોહ આયોજિત

કરવામાં આવ્યો. સન્માન સમારોહની અધ્યક્ષતા શેઠ શ્રી તિલકભાઈ નરશી દંડ (મલકાપુર) એ કરેલ. સન્માન સમારોહના અતિથિ વિશેષ તરીકે અચલગચ્છ પ્રમુખ શ્રી શામજીભાઈ નરશી દંડ, (મુલુંડ), શ્રી વિનોદભાઈ વીરચંદ ડાઘા (મુલુંડ), શ્રી વિનોદભાઈ ખીમજી લોડાયા (ઔરંગબાદ), શ્રી હીરાચંદભાઈ અરજણ પટેલ (ઐરોલી), શ્રી મુકેશભાઈ દામજી મૈશેરી (મુલુંડ), શ્રી દીપકભાઈ દામજી પોલડીયા (ભુસાવલ), શ્રી મનીષભાઈ ભવાનજી લોડાયા (ચાલીસગાંવ), ઉત્તર ભારત એકમના અધ્યક્ષ શ્રી ચંદ્રેશભાઈ છેડા (રાયપુર), શ્રી હરીશભાઈ ભવાનજી નાગડા (ખિરકિયા), નરશી નાથા ટ્રસ્ટ પાલીતાણાના ટ્રસ્ટી શ્રી નરેશભાઈ ભવાનજી મોમાયા (ઘાટકોપર), શ્રી ધનપતિભાઈ કુંવરજી મોમાયા (જલગાંવ), કે.ડી.ઓ. કલાસિકના પ્રમુખ શ્રી હીરાચંદભાઈ દામજી દંડ (મુંબઈ), ઈંદોર સંઘના ઉપ પ્રમુખ શ્રી મણીલાલભાઈ પદમશી દંડ, જખૌ સંઘના અધ્યક્ષ શ્રી જીવાણી, પારોલા સંઘના અધ્યક્ષ મંચ ઉપર વિરાજીત હતા. એમાં મહોત્સવ દરમ્યાન બહુમાનના લાભાર્થી પરિવારના સદસ્યોના હસ્તે સર્વેનું બહુમાન કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંચાલન શ્રી સંજય દામજી ધુલ્લાએ કર્યું.

પુનઃ પ્રતિષ્ઠા એવં શતાબ્દી પ્રસંગે તથા પ. પૂ. જયદર્શીતાશ્રીજી મ.સા.ની દીક્ષા તિથી નિમિત્તે શ્રી પ્રમોદભાઈ વીરચંદ મોમાયા (સાંયરા - ઘાટકોપર) પરિવાર તરફથી ૧૦૦ કિલો લાડૂની પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું.

તા. ૧૩ મે ૨૦૧૪ ના દિવસે દ્વારોદઘાટન કાર્યક્રમ સવારના ૫.૦૦ કલાકે વાજતે ગાજતે સમ્પન્ન થયો.

પ. પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.ની પાવન નિશ્રા તથા માર્ગદર્શન અમને મળવ્યું એ અમારું પરમ સૌભાગ્ય છે. એમના વિના આવું ભાગીરથ કાર્ય કરવા અમારું સામર્થ્ય જ ન હતું. આપશ્રીના બળથી પ્રભુજીની પુનઃ પ્રતિષ્ઠા તથા શતાબ્દી મહોત્સવના ચઢાવા અદ્વિતીય ભાવોલ્લાસ સાથે સમ્પન્ન થયા હતા. આ સંપુર્ણ કાર્યક્રમ શ્રેષ્ઠતમ રીતે સમ્પન્ન થયો, એ માટે શ્રી સંઘ આપને સદૈવ ઋણી છે.

દેવવિમાન તુલ્ય ભવ્ય શિખરબદ્ધ જિનાલય નિર્માણના દાતા ટ્રસ્ટો, સંઘો તથા દાતા, પરિવારો સહુનો સહકાર માટે ઋણ સ્વીકાર કરી અમે આભાર વ્યક્ત કરીએ છીએ. વિવિધલક્ષી હોલના નિર્માણ માટે સહયોગી પરિવારોના પણ ખુબ - ખુબ આભારી છીએ.

દરેક દિવસ સવારના શ્રી મંગલ પ્રભાતિયા, શ્રી સ્નાત્રપુજા, વિવિધ પુજનો તથા રાત્રી દેવાધિદેવની મનોહારી આંગી - રોશની તથા સંગીત સાથે ભક્તિ ભાવના ભાવોલ્લાસ સાથે કરવામાં આવી. એ બધાના લાભાર્થી પરિવારોની સહયોગ માટે અમે અનુમોદના કરીએ છીએ. સાથે જ મહોત્સવના રત્નસ્તંભ, સુવર્ણસ્તંભ, રજતસ્તંભ પરિવારો એવં મહોત્સવમાં નવકારશી, બપોરના સાધર્મિક ભક્તિ, બપોરની ચા તથા સાંજના ચોવિહારનો લાભ લેનાર ભાગ્યશાળી પરિવારોનો પણ શ્રી સંઘ ખુબ - ખુબ આભાર વ્યક્ત કરે છે. મહોત્સવ માટે દિલ ખોલીને આર્થિક યોગદાન આપનારા સર્વે દાનદાતાઓનો શ્રી સંઘ અંત : કરણથી આભાર વ્યક્ત કરે છે.

મહોત્સવના દિવસોમાં નિત નવા મુખવાસ તથા અવનવા શરબતથી શીતલતા આપનાર સ્ટોલ શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ-ચાલીસગામ તરફથી હતો, એમનો પણ શ્રી સંઘ હૃદયથી આભારી છે.

આ પાવન પ્રસંગે શ્રી સંઘનું આમંત્રણ સ્વીકાર કરી ઉનાળાના મૌસમને નજરઅંદાજ કરી બહોળી સંખ્યામાં પધારેલા સર્વે અતિથિઓએ મહોત્સવને ચાર ચાંદ લગાડયા, એમના અમે હૃદયથી આભારી છીએ અહમદાબાદ, બુરહાનપુર, ચાલીસગામ, ઈન્દોર, ઈટારસી, જલગાંવ, ખિરકિયા, મલકાપુર, મુંબઈ, રાયપુર, સેંધવા, અમલનેર, પલાસનેર, પુના, ગાંધીધામના પધારેલા સંઘોની ઉપસ્થિતિ, એમનો સહકાર અને માર્ગદર્શનથી અમે આ મહત્વપુર્ણ કાર્યક્રમને અદ્વિતીય રીતે સમ્પન્ન કરી શકયા, એ સહુનો પણ અમે આભાર વ્યકત કરીએ છીએ. શ્રી સંઘ દ્વારા કરેલી વ્યવસ્થાઓમાં કોઈ પણ પ્રકારની કમી રહી ગઈ હો તથા અતિથિઓને કોઈ અસુવિધા થઈ હોય તો તે માટે મિચ્છામિ દુક્કડમ!

**- લિ. હિરેન વિશનજી ગોસર**
**અધ્યક્ષ : શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન, - ખંડવા.**
**મો. 09425085422**

વધુ તસવીરો ૧૦ માં પાને























શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન, ગદગ

## નૂતન અતિથિ ગૃહના દાતાઓને અભિનંદન ★ આભાર ★ અનુમોદના

શ્રી ક.દ.ઓ જૈન મહાજન ગદગ દ્વારા તાજેતરમાં બાંધવામાં આવેલ અતિથિ ગૃહનાં રૂમો માટે ફાળાની ટહેલ નાખવામાં આવેલ, જેનો જ્ઞાતિજનોએ ઉમદા પ્રતિસાદ આપેલ છે. તે સર્વે દાતાઓનો મહાજનશ્રી હાર્દિક આભાર માને છે અને ધન્યવાદ આપે છે. દરેક રૂમનાં ₹ ૧,૫૧,૦૦૦/- લેખે દાતાઓએ લાભ લીધેલ છે.

નીચે મુજબની યાદી પ્રમાણે દાતાઓનાં નામો નોંધાઈ ગયેલ છે.

| | | |
|---|---|---|
| Room No. 101 | - | Matusri Vanitabai Velji Champshi Palani (Kothara) Borivali.<br>- By : Smt.Chandan Pratap Velji Palani. |
| Room No. 102 | - | Matusri Sonbai Vershi Pashvir Sayla (Tera) Vapi<br>- By : Shri & Smt. Rashmi Pradeep Sayla & Chi. Ritesh Pradeep Sayla. |
| Room No. 103 | - | Sou. Late Smt. Kantaben (Kasturi) Govindji Lodaya (Sayera) Vapi -<br>- By : Shri Govindji Velji Lodaya, Vapi. |
| Room No. 104 | - | Late Premilaben Mulji Lakhamshi Lodaya (Naliya) Khandwa,<br>Sou. Madhuriben Dinesh Lakhamshi Lodaya (Naliya) Khandwa<br>- By : Smt. Kajal Vinay Dinesh Lodaya, Chi. Vaibhav, Chi. Jignesh (Jigar) Khandwa. |
| Room No. 105 | - | Late Sou. Hemlata Mulchand Vishanji Nagada (Tera) Mumbai<br>- By : Shri Mulchand & Shri Vishanji Khetshi Nagada Parivar, (Mulund) Mumbai. |
| Room No. 106 | - | In Memory of Shri Ketan & Smt. Purbai Manshi Meghji Bookseller (Jakhau) Mumbai - By : Kunjika Manshi Bookseller, Mulund. |
| Room No. 107 | - | Chi. Arjun, Smt Sharanya, Shri Vipul, Dr. Jayanti Kishor Manshi Lalka (Lala) Mulund. |
| Room No. 108 | - | Shri Ratanshi Meghji Mota (Kuvapadhar) - By : Smt. Rokilaben Shamji Ratanshi Mota, Bagalkot. |
| Room No. 109 | - | Chi. Pallavi & Sha Virchand Champshi Shiyad (Jakhau) Mumbai<br>- By : Smt. Vimalabai (Kasturbai) Virchand Shiyad Nanded. |

બે ડોરમેટરી તથા ભોજન પરસાળ (Food Lounge) માટે નામો નોધવાના બાકી છે. નકરાઓ નીચે મુજબ છે. દરેક ડોરમેટરીના ₹ ૨,૦૦,૦૦૦/- તથા ભોજન પરસાળ ના ₹ ૨,૫૧,૦૦૦/- દાતાઓ ને લાભ લેવા વિનંતી.

## લિ. શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, ગદગ

| શ્રી નવીનચંદ શામજી લાલકા | શ્રી હરિશ શિવલાલ મુનવર | શ્રી સતીશ પ્રવીણચંદ લુઠીયા | શ્રી સુધીર જવેરચંદ સોની | શ્રી ચંદ્રકાંત લાલજી લોડાયા |
|---|---|---|---|---|
| પ્રમુખ - 09945667500 | ઉપ પ્રમુખ - 09341319295 | સેક્રેટરી - 09845258214 | જો-સેક્રેટરી - 09886198868 | ખજાનચી - 09945299989 |

## સંઘર્ષ સાર્થકતા આપે છે

વનિતા



વિશ્વ

જિંદગીમાં સ્પર્ધાઓ, ઝડપ, એકલતા, ભૌતિકતા પાછળની દોટ - આ બધાંથી બચવું હવે શક્ય રહ્યું નથી. સીધી રીતે આ બધાં તત્ત્વોના સીધા સંપર્કમાં ન આવતી વ્યક્તિઓ એટલે કે ગૃહિણીઓ કે વરિષ્ઠ નાગરિકો કે બાળકો પણ તેની અસરથી મુક્ત રહી શકતાં નથી, કારણકે આ બધું જીવનશૈલીનો ભાગ બની ગયું છે, જે હવામાં આપણે શ્વાસ લઈએ છીએ તે હવામાં ભળી ગયું છે.

અસ્તિત્વના આ સંઘર્ષમાં ઝઝૂમવા માટે શક્તિ આપી શકે તેવાં પ્રેમ, શાંતિ, શ્રદ્ધા, માનવતા તત્ત્વો પણ આ દુનિયામાં છે જ, પણ એ જલદી દેખાતાં નથી. શોધવાં પડે છે. તેને કેમ શોધવા તેના પશ્ચિમમાં વર્ગો ચાલે છે, વર્કશોપ અને સેમિનાર થાય છે. ફિલગૂડ લિટરેચરનો એક ટ્રેન્ડ ઊભો થયો છે.

આવા એક સેમિનારમાં એક જાણીતા વક્તાએ શ્રોતાઓને ૫૦૦ ડોલરની એક નોટ બતાવી પૂછ્યું આ ૫૦૦ ડોલરની નોટ કોને જોઈએ છે?

ઘણા હાથ ઊંચા થયા. વક્તાએ કહ્યું તમારામાંથી એકને આ નોટ મળશે, પણ તે પહેલાં મારે આ નોટ સાથે કંઈક કરવું છે.

તેણે એ નોટને બે હાથથી મસળી નાખી. હવે આ નોટ કોને જોઈએ છે?

ફરી હાથ ઊંચા થયા. જરા થોભો કહી વક્તાએ નોટને જમીન પર નાખી જોડાથી કચડી નાખી. નોટ ચુંથાઈ ગઈ. મેલી થઈ ગઈ. હવે કોને જોઈએ છે? એટલા જ હાથ ઊંચા થયા.. ભાઈઓ, મેં બતાવી હતી તે નોટ નવી, સાફ હતી. આ ચોળાયેલી, ચુંથાયેલી, મેલી છે તોપણ તમારે તે જોઈએ છે?

શ્રોતાઓમાંથી એક ઊભો થઈ બોલ્યો, મેલી હોય કે ચોળાયેલી, તેની કિંમત તો એ જ રહે છે.

વક્તાએ કહ્યું સાચું કહ્યું. તો આપણે એક મુલ્યવાન હકીકત શીખ્યા. મેં નોટને ચોળી નાખી, ચૂંથી નાખી, ગંદી કરી નાખી છતાં તમને તો જોઈએ  છે, કારણકે તેમ થવાથી તેની કિંમત ઘટી નથી. તેનું મૂલ્ય પહેલાં જે હતું તે જ અત્યારે પણ છે. છે ને?

બધાએ હા પાડી.

તો મિત્રો, સાથીઓ, હવે હું જે કહું છું તે ધ્યાનથી સાંભળજો. જિંદગીમાં આપણે ઘણી વાર હારીએ છીએ ખોટા નિર્ણયો કરી બેસીએ છીએ. પછડાઈએ છીએ, ફેંકાઈ જઈએ છીએ, સંજોગોના શિકાર બની જઈએ છીએ, નિષ્ફળ જઈએ છીએ. આપણને લાગે છે કે આપણે નકામા છીએ, મૂલ્યહીન છીએ. પણ એમ હોતું નથી મિત્રો, આ કાગળની નોટનું અસ્તિત્વ જો ચૂંથાઈ જવાથી મહત્ત્વ ગુમાવતું નથી, તો માણસ જેવું ચૈતન્યપૂર્ણ અસ્તિત્વ કેવી રીતે નિરર્થક કે નકામું થઈ શકે? જે પણ થયું, જે પણ થાય છે, જે પણ થશે તે તેની જગ્યાએ ઠીક છે - તેનાથી તમે કદાચ પાછા પડો, થોડું ગુમાવો, હતાશ થાઓ, શરીર મન પર તેની અસર પણ પડે તેમ બને - પણ તમારા અસ્તિત્વનું મૂલ્ય તેનાથી ઘટતું નથી, મિત્રો આ કદી ન ભૂલશો.

આ સંસારમાં તમારી જરૂર હતી, તમારા અહીં હોવાની એક સાર્થકતા હતી, તેથી જ ઈશ્વરે તમને અહીં મોકલ્યા છે. તમારી શક્તિઓ, તમારા વિચાર, તમારી લાગણીઓ આ બધાનો આ વિરાટ સૃષ્ટિમાં એક અર્થ છે. તમારા જીવનમાં આવતી તકલીફોનો પણ એક અર્થ છે. એ અર્થ શો છે તે તમે સ્પષ્ટ જોઈ કે સમજી ન શકતા હો તેમ બને પણ તમે ખરડાઈ જાઓ, કરચલીઓવાળા થઈ જાઓ તો તેનાથી તમારું મૂલ્ય કદી ઘટતું નથી, એટલું સમજી લો. તમે અમૂલ્ય છો અને રહેશો ખાસ કરીને એમને માટે જેઓ તમને ચાહે છે.

બહેનો,

બહેનો, આપણી જિંદગીની કિંમત આપણે શું કર્યું, શું પામ્યા, શું ગુમાવ્યું, કેટલું જાણ્યું તે બધાથી નથી થતી. આપણી જિંદગીની કિમંત

આપણે જે છીએ તે માટે છે. બહેનો તમે તો. ખાસ છો, વિશિષ્ટ છો, આ સૃષ્ટિનો એક જીવંત અને જરૂરી અંશ છો. તમારું આ મુલ્ય કદી ન ભુલશો.

જિંદગી કોઈ સમસ્યા નથી, જેનો ઉકેલ શોધવાનો છે. જિંદગી એક રહસ્ય છે, તેનો અનુભવ લેવાનો છે. ક્યા વળાંક પછી ક્યું દૃશ્ય ખૂલશે તેની આપણને ખબર હોતી નથી. એ દૃશ્ય સુંદર પણ હોઈ શકે, ભયાનક પણ હોઈ શકે. પણ એને કઈ રીતે જોવું તેની સ્વતંત્રતા આપણી વિકટમાં વિકટ પરિસ્થિતીમાં પણ આપણે ગુમાવતા નથી.

આગમાં ઘણુંબધું બળી જાય છે, ઓગળી જાય છે, પણ સોનું વધુ શુદ્ધ થઈને બહાર આવે છે. સંઘર્ષમાં, અગ્નિમાં સળગી જવું કે પછી એ આગમાંથી નવા રૂપે, વિશુદ્ધ રૂપે ફરી જન્મવું તે આપણા જ હાથમાં છે. જો આપણે આપણું મૂલ્ય સમજીએ અને ખલાસ થઈ જવાનો ઈનકાર કરીએ તો અનેક દુઃખોની વચ્ચે પણ આનંદની એક શાંત જ્યોત આપના અંતરમાં સાબૂત રહે છે એ અનુભવસિદ્ધ સત્ય છે.

આ સત્ય પરની શ્રદ્ધા કદી ન ગુમાવીએ આ સત્યને ધૂંધળું કરતી હોય તેવી તમામ બાબતોથી મુક્ત થઈએ. સંઘર્ષો આપણને મલિન કરી નાખી શકે, મૂલ્યહીન નહીં. સંઘર્ષમાં પણ સત્ત્વ ન ગુમાવે, શાંતિ અને ગરિમા સાચવી રાખે તે વ્યક્તિ તેને ચાહનારના હૃદયમાં અત્યંત ઊંચું સ્થાન મેળવે છે. તે વ્યક્તિને ઈશ્વર પણ માનથી જુએ છે. આપણે અહીં છીએ, કારણકે આપણે અહીં હોવા જોઈતા હતા. આપણને એ જ સુખદુઃખ મળ્યાં છે જે આપણને મળવાં જોઈતાં હતાં. આપણે આજે જે છીએ તે આપણા સંઘર્ષને કારણે છીએ, સંઘર્ષમાંથી જે શીખ્યા તેને કારણે છીએ. આપણા ઘડતર માટે જરૂરી હોય છે તકલીફો પણ.

અશાંતિ ન આવે તો શાંતિનું મૂલ્ય સમજાય નહીં. એટલું જ નહીં, આપણી શાંતિ સર્જતા આપણને આવડે પણ નહીં અને સૌથી અગત્યનું કોઈ સમસ્યા, કોઈ સંઘર્ષ આપણી હિંમત, આપણા વિચાર, આપણો પ્રેમ, આપણો આત્મવિશ્વાસ કદી છીનવી લઈ શકે નહીં.

**-સોનલ પરિખ**

*(લાઈફલાઈન જન્મભૂમી માંથી સાભાર*


UPTO 35% OFF

**Lagna Deep** Sarees

Since 1984...



SALE

*Sale from 5th July to 20th July 2014*

Designer Bridal Sarees • Heavy upada Sarees
Traditional & Fancy Patola • Bandhani • Gharchola Panetar
All type of Exclusive Sarees and also Dress, Lehenga Cholis

Specialist in Real Zari Embroidery

Shop No. B-13, Jalaram Ashish Bldg., Devidayal Road, Opp. Raj Hospital, Mulund (West), Mumbai - 400 080. Mob.: 7666688881, Shop: 02225680807

During Sale period Shop will opened for all days

## KUTCHI K.D.O. CHAMBER OF COMMERCE AND INDUSTRY.

*TILAKCHAND LODAYA (Chennai) Email :ourbrotherhood@yahoo.co.in*

Introduction and Preamble:

Since centuries at social and religious levels our community has micro organisations in the form of Mahajans. As the community progressed and evolved we constituted Macro organisations like Ekkams and Samast mahajan. This apart each mahajan has subsidiary organisations like Youth Forum and Mahila Manch. There are step down subsidiaries like Snatra Mandal, Gruh Udhyog etc.. Few of the Mahajans have educational institutions. We have other institutions which function under the community umbrella but independent of Mahajans like Boarding for Students, Vastipatrak Committee, Periodicals and magazines, a co-operative bank, Organisations of cluster of Village Mahajans of Kutch, Chartered Accountants Associations etc.

We are best suited for entrepreneurship. With our temperament and ability to adjust easily to any environment, entrepreneurship should come to us easily. This ability of being adaptive and tolerant is one of our cultural strengths.

Though ours was and still is a business community, we don't have any trade body which can take care of our business interests. As a result in the present day complex and dynamic economic situation each community businessman is left alone and has to depend on federal or trade associations to get grievances redressed. This is not that easy. As a result few businesses have closed and few are in the process for various reasons. Our business oriented community of job givers is becoming a community of job seekers. This challenge needs to be met. The present government provides us a great opportunity to realise this mission.

For any local problem an individual businessman can not take up the issue before any statutory authority or other bodies on the fear of being singled out or harassed. He may not have any capacity or infrastructure to raise or highlight his business problems. Under a neutral body and banner of a Chamber of Chamber of Commerce, one can raise any issue without any attendant disadvantages. You are given a patient and careful hearing by the authorities and either get solutions or replies.

Our business cards will become weighty. We can have affiliations with other similar trade Associations.

The national or regional Chambers of Commerce play a different and higher role. However there are Chambers of Commerce that represent Communities like Imamia Chamber of Commerce and Industry(ICCI) ' Dalit Indian Chamber of Commerce and Industry (DICCI). They are trying through them an answer in arming their youth so that they emerge as job-givers and not job-seekers. These Chambers of Commerce are not just hard-nosed businessmen. Their primary aim is to make their members self-reliant rather than seeking to curry favour with the powers that be to tweak government policy. They have adopted a role of a hand holder of the young entrepreneurs, help product marketing opportunities and upgrade their skills and business practices.

For instance, the new companies law that makes it possible for even starting one-person companies. Several budding entrepreneurs today are inept at handling even basic regulatory requirements for registering a business. Chambers are helping them.

What ICCI is trying to build on this advantage of self employmed youth to access to micro loans and other benefits. For the cluster around Lucknow, that houses a large number of skilled chikan and zardosi embroidery workers, this chamber is undertaking research study to find ways to enhance their share in the trade. In Karnataka they are concentrating in improving skill sets and arrange customised solutions, including angel funding. The DICCI is trying to encourage their members to be entrepreneurs, project their existing entrepreneurs as role models, help them with human resource management, financial guidance, tax issues and latest marketing trends.

The ultimate aim of these Chambers is to make their members as Nation Builders. It is a challenging assignment but they are confident.

Why can't we can seriously dream of one such Chamber of Commerce of, for and by the community and its members. Following are some of the very broad outlines of the proposed Kutch Chamber of Commerce and Industries.

Its name may be KDO Chamber of Commerce and Industries( KCCI). This is a

## કે. જે. સોમૈયા જૈન સેન્ટર તત્વજ્ઞાન પ્રચારાર્થે ગુજરાતી - હિન્દી - અંગ્રેજી માધ્યમમાં અભ્યાસક્રમ યોજે છે.

- સર્ટિફિકેટ અને ડિપ્લોમાં કોર્સ ઈન જૈનોલોજી (મુંબઈ યુનિવર્સિટી અધિકૃત એક વર્ષ પાર્ટ ટાઈમ કોર્સ)
- એડવાન્સ ડિપ્લોમા જૈન તત્વજ્ઞાન, ધર્મ અને સાંસ્કૃતિક ઈતિહાસ (બે વર્ષ પાર્ટ ટાઈમ કોર્સ)
- એમ. એ (રિસર્ચ) અને પી. એચ.ડી. ઈન ફિલોસોફી
- પ્રાકૃત વર્ગો (એક વર્ષ પાર્ટ ટાઈમ કોર્સ)
- ઈન્ટ્રોડકશન ટુ ફિલોસોફી (પાર્ટ ટાઈમ કોર્સ)
- જુન ૨૦૧૪ થી માર્ચ ૨૦૧૫ (વિદ્યાર્થીઓની અનુકુળતા મુજબ સમય અને દિવસ નક્કી કરવામાં આવશે)

**વધુ માહિતી માટે સંપર્ક કરો.**

ઓફિસ નં. : 21023209 / 67283074

**વર્ષા શાહ: 9757124282,**

**કોકીલા શાહ : 9323079922.**

**સ્થળ : કેબિન નં. ૮, બીજે માળે, મેનેજમેંટ બિલ્ડીંગ સોમૈયા, વિદ્યાવિહાર કેમ્પસ, મુંબઈ -૭૭.**

**સમય: સવારના ૧૧ થી સાંજના ૫ સુધી**

## શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન વરાડીયા જિનાલય વર્ષગાંઠ પર્યુષણ પર્વ

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન વરાડીયા સવંત ૨૦૭૦ શ્રાવણ સુદ ૫ ને ગુરૂવાર તા. ૩૧.૭.૨૦૧૪ના જિનાલયની ૧૧૨મી વર્ષગાંઠ ૧૧૩ મી ધ્વજા આરોહણ તથા શ્રાવણ વદ ૧૩ થી ભાદરવા સુદ છઠ્ઠ શનિવાર તા. ૨૩.૮.૧૪ થી રવિવાર તા. ૩૧.૦૫.૨૦૧૪ સુધી પર્યુષણની આરાધના કરવા ગામવાસી જ્ઞાતિ જનોને તથા નિયાણી બહેનોને સહ પરિવાર વરાડીયા પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

અત્રે ભોજનાલય તથા અતિથીગૃહની વ્યવસ્થા છે.

**વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ ટ્રસ્ટ**


રોજ નિહાળો, પ.પૂજ્ય પંકજભાઈને અરિહંત ટી.વી ચેનલ પર Videocon D2h અને Cable Set Top Box દ્વારા દરરોજ સવારે ૮.30 કલાકે અને રાત્રે ૧૧.30 કલાકે

નમો જિણાણં

**નમસ્કાર મહામંત્ર યોગ દ્વારા**

**THE SCIENCE OF DIVINE LIVING**

**FREE ENTRY**
**માત્ર પ્રથમ સત્ર**



સાનિધ્ય

પ.પૂ.શ્રી. પંકજભાઈ

શું આપ મનની અશાંતિથી મુક્તિ (મોક્ષ) ચાહો છો ?

શું આપ આર્થિક તકલીફથી મુક્તિ (મોક્ષ) ચાહો છો ?

શું આપ પરિવાર માં સુમેળ ચાહો છો ?

શું આપ આધ્યાત્મિક વિકાસ તથા સનાતન મોક્ષ ચાહો છો ?

શું આપ શારીરિક સ્વાસ્થ્ય તથા મુક્તિ ચાહો છો ?

મંત્રનું વિજ્ઞાન અને નવકાર મંત્રનો PRACTICAL ઉપયોગ સંગીતનાં માધ્યમ દ્વારા નવકાર મંત્રને જીવનમાં ઉતારવાની ૯ સત્રની શિબીર (Alternate Sundays)

**તા ૧૩, જુલાઈ, ૨૦૧૪ થી**

**સાંતાક્રુઝ** — સમય : સવારે ૯.30 થી ૧ — CT : 9322235233, 9833133266

**કાંદીવલી** — સમય : બપોરે 3.30 થી ૭ — CT : 9867811201, 9869052507

**તા. ૨૦, જુલાઈ, ૨૦૧૪ થી**

**ઘાટકોપર** — સમય : સવારે ૯.30 થી ૧ — CT : 9322991036, 9820944517

**થાણા** — સમય : બપોરે 3.30 થી ૭ — CT : 9869862373, 9820944517

**નવકાર મંત્ર યોગ દ્વારા આજના યુગમાં થતા લાભ :**

- Depression, Tension, Anger, Stress, શારીરિક રોગ, Gymnasium, Fat-Diet થી મુક્તિ
- મોંઘવારીથી મુકિતનો રામબાણ ઉપાય
- જીવનમાં આનંદ અને આધ્યાત્મિક વિકાસની ફોર્મ્યુલા
- આર્થિક વિકાસ તથા જીવનમા સમૃધ્ધિ
- પરિવાર સાથે સુમેળ તથા જગત સાથે મધુર સંબંધ

પરમાત્માએ આપેલ મહામંત્ર યુનિવર્સલ છે, સનાતન છે, ધર્મ સંપ્રદાયથી પર છે. આ મહામંત્રને SCIENTIFICALLY અને PRACTICALLY જીવનમાં ઉતારવા માટે આવી DIVINE શિબીરમા જોડાવાનું આપ સહુને હાર્દિક આમંત્રણ છે.

(આ એક પ્રભુસેવા છે અને જાગૃતિ લાવવાનો પ્રયાસ છે)

આયોજક : પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર, મુંબઈ

Visit : www.namojinanam.org

geographical base of our community. Its neutral and will be a better address. It will have an impressive appeal to the public at large.

It will be a registered body. It may be registered as an Association or a no dividend company under the Companies Act. We have to have its logo with a tagline.

It will have an all India jurisdiction and all KDO business men and women and industrialists will be eligible to become members. Even brothers and Sisters located anywhere in the world and engaged in the business or profession will be eligible for membership for the coordination and exchange of information of setting up a unit or branch or franchise or facilitation centre, sourcing funds in India or from abroad. Membership will be limited to KDOs only. Lady members will be given incentives in payment of fees. KDO ladies who have married outside the community and their spouses will also be eligible for membership.

The main source of funds will be from the annual or life time membership fees from its corporate, LLP, Firm and individual members, project based revenues, consultancy charges, grants, donations from the Mahajans and individuals etc.

In these days of excellent internet communication facilities, its headquarters may be in Mumbai or any other place where the population of KDOs is more than 350 and has a cost effective commercial place, human resources, willing and proactive professional KDO Social entrepreneurs.

**Organisational Set Up:** Its organisational set up will have following three layers: 1. Governance; 2. Management; 3. Trade wise Capsules.

**Governance:** It will be governed by a professional Board consisting of maximum 15 directors, who would be leaders in the following trades and industries: 1. Cotton; 2. Transport; 3. Building and construction; 4. Spices; 5. Clearing and Forwarding; 6. Industries; 7. Profession of CAs, Company Secretary & ICWA; 8. Exports and Imports; 9. Share Broking & Investments; 10. Information Technology; 11. A KDO from Abroad; 12. Trade pursued by Ladies; 13. Insurance: 14 and 15 other fields.

The Board will be headed by the Chairman. It will have 4/5 vice Chairmen. The maximum age of a board Member will be completed 75 years. The term of the Board will be for 4/5 years. No board member will serve for more than 2 terms. The main role of the Board will be to frame policies and guidelines, monitoring of implementation of corporate governance, overseeing of statutory compliance and mentoring.

**Management:** The Management team will be headed by a Chief Executive Officer (CEO) and his team will have a CFO, COO and other members and secretariat as decided by the CEO in consultation with the Board. Their term will also be fo r4/5 years and their retirement age will be completed 60 years. Maximum term for service will be for two terms only. A Management team member may become a board member later.

The selections will be on professional and merit basis and readiness of the members to work for the achievement of the objectives and not just on social standing. A person already involved in many organisations may recluse himself. The willingness shall be expressed in writing.

The CEO will be in over all charge of the functioning of the KCCI. He will head and represent the Management team before the Board.

Representation of women and youth will also be kept in mind.

The communication will be through internet only.

Trade Capsules: For Each trade the KCCI will have a segment committee headed by a chairman. There will be agreed number of members in each committee. This number will be decided by the CEO in consultation with the people associated with that trade. Similar rules and regulations to be formed for them for their efficient functioning. The number of such trade committees to be formed will be decided by the KCCI. The committees will be reporting to the CEO.

**The main objectives:**

1. Overall development of the Trade, business and industries of the brothers and sisters of the KDO community members;

2. Encourage youngsters to become social entrepreneurs;

3. Learning and sharing from the experiences of the existing successful KDO

Corporate sector and other entities;

4. Developing a better co-ordination and synthesis between the business world of the KDOs;

5. Exploring the sourcing of funds from India and abroad for our business persons;

6. Generate a quest for innovation, spirit of entrepreneurship and forming a think tank for new ideas in the field of trade and commerce;

7. Encouraging KDOs abroad for mutual development and facilitation in these areas;

8. Devise systems of hand holding, skill development and customised solution providing;

9. Prepare a case study of successful KDO entrepreneurs and present them as role models;

10. Spread the relevant information to the members relating to the business world to all through internet only;

11. Utilising the existing Social infrastructure and networking for attaining the goals;

12. Sharing the benevolent policies of government with members and motivating them to use the same in a beneficial way ;

13. Sharing the business information about other KDOs and inducing other KDOs to use their services and networking;

14. Encourage empowerment of women entrepreneurs;

15. Encourage employment of KDOs by the enterprises owned by KDOs.

16. Develop mutual Coordination and interlinking with similar organisations, take their affiliation for the benefit of the business ecosystems of our members.

17. Give representations highlighting the challenges faced by the KDO Business world to the statutory authorities and other chambers and trade organisation;

18. Encourage and remunerate KDOs to write essays or articles on new ideas in business development;

19. Organising trade seminars and workshops and trade fares.

20. Exploring the benefits of the government schemes for the objects of the KCCI.

21. Giving accreditions to KDO business entities and permit them to use its logo for its business purposes;


**શીયાડ અને નાગડા પરિવારનું ગૌરવ !!!**

H.S.C.



81.85%

**રોનક**

**ભારતી નરેન્દ્ર શીયાડનો લાડકો**

**હર સપનોં કો અપની આંખો મેં રખના,**
**હર મંઝીલ કો અપની બાહોં મેં રખના,**
**બસ જીત આપકી હૈ... અપને લક્ષ કો**
**અપની નિગાહોં મે રખના...**

**કુળદેવીની અસીમ કૃપાથી ચિ. રોનકે**
H.S.C. **ની પરીક્ષામાં** 81.85% **માર્કસ લઈ**
**સફળતા મેળવેલ બદલ ખુબ - ખુબ અભિનંદન**

**-::શુભાશિષ::-**

દાદા-દાદી : કુંવરબાઈ માણેકજી શીયાડ (વારાપધર)
નાના-નાની : કેશરબેન લાલજી નાગડા (સણોસરા)
વડીલો ભઈલો (પરીન) (ડોંબિવલી)
જય જિનેન્દ્ર





**હાર્દિક અભિનંદન**

કુ. રુચીતા શીલ્પા ચંદ્રેશ શાહ (નાગડા) (નલીયા, હાલે વડોદરા) ધો.૧૨ (Eng. Med.) સાયન્સમાં ૯૬ % PRL ૯૯.૯૬ % ગુણો પ્રાપ્ત કરી અમને ગૌરવ અપાવેલ છે.

**એની શાળામાં પણ પ્રથમ ક્રમાંકે ઉતિર્ણ થયેલ છે. ભવિષ્યમાં વધુ ને વધુ સફળતા મેળવે એવી શુભકામનાઓ સહ**

**શ્રી હીરજી કેશવજી શાહ (નાગડા) પરિવાર** - વડોદરા (નલીયા)
**શ્રી નવિનચંદ્ર રતનશી લોડાયા પરિવાર** - મુલુન્ડ (કોઠારા)



**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

# અવસર સારીઝ

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા
92234 25676

**'કચ્છી કવિતા – પ્રકાશ'**ના વાંચકોને કચ્છી નૂતન વર્ષની વધાઇઓ. અષાઢથી શરૂ થતી વરસાદની મહેર સમગ્ર વાતાવરણને બદલાવી દે છે. ક્યાંક ઝીણી છાંટ સાથે અમી વર્ષા થતી હોય તો ક્યાંક ગાજવીજ સાથે બારેમેઘ ખાંગા થતા હોય.

કચ્છી લોકસાહિત્યમાં વરસાદને લાડકવાયો પુત્ર કહે છે તો બીજી તરફ એની અનિયમિતતાને કારણે એને મંઢો પણ કહે છે :

**મીં આયો, મંઢો આયો,**

**ધરતી તોજો, લાડો આયો !**

એક તરફ લંગડો અને બીજી તરફ લાડલો ! આવો વિરોધાભાસ છે, છતાંય વરસાદની એક ઝલક પામવા કચ્છડો હંમેશા આતુર હોય છે. તો ચાલો આપણે પણ માણીએ વર્ષા ઋતુને કવિતાની સંગે. પ્રથમ જોઇએ **દક્ષાબેન બી. સંઘવી (ચીંગાર, અંકઃ ૧૩)** રચિત કાવ્યની કેટલીક પંક્તિઓ :

**અષાઢી વધાયું**

**હલો, પાં ભેગા મિલી ગીત ગાયું**
**વધાયું વધાયું અષાઢી વધાયું !**
**ઓચીંધો ઓચીંધો ધિલાસો ડીયું તાં,**
**ગજણ તા સુણું ને લપઇ ઓરિયું તાં,**
**હલો વાટ મેં પાં નેણાં વિછાયું,**
**વધાયું વધાયું આષાઢી વધાયું !**
**હોમરધાં ધોમરધાં વડર હી અચેંતાં,**
**ડિસી મન થિયે વન પન પન ખિલેતાં,**
**હલો હિન ઘડી જા પાં ઓચ્છવ મનાયું,**
**વધાયું વધાયું અષાઢી વધાયું !**

(**ઓરિયું**=રાંધવા મુકવું એ અર્થમાં, **હોમરધાં ધોમરધાં** =ગડગડતા)

બધા વરસાદની રાહ જોતા હોય છે ત્યાં આપણાં કવિઓ તેને આવવાની વિનંતી કરે છે. કવિ **'તેજ' 'વિરાંઢ'**માં લખે છેઃ

**અસીં અસાઢી મોરલા ને તું ઇંધરલઠ,**
**હીંયડા તડ઼પેં ભઠ, વલા હાણે વસી પો !**
**વલા હાણે વસી પો, મ થી અસાંનુ ડૂર,**
**અચ પિરિયન પૂર, અંધર ઑગન વાય છડ !**

(**ઇંધરલઠ**=વિજળી, **પિરિયન**=અહીં કવિ વરસાદને કુદરતની દેન માની પીર સાથે સરખાવે છે, **ઑગન**=તળાવ છલકાતા બહાર નીકળતા પાણીનો માર્ગ)

તો કવિ તેજના આ મુકતકને કવિ **રવિ પેથાણી 'તિમિર'** તેમના પુસ્તક **'વત્તર'**ની કવિતામાં જાણે આ વાતને આગળ વધારે છે. જોઇએ રચનાની કેટલીક પંક્તિઓ :

**વસી પો**

**આસાઢી અવતાર ! વસી પોં, ધરતી જા ધિલધાર ! વસી પોં;**
**ગજણ-ખિવણજા ચાર વસી પોં, ચઇ ડિસ ધોધમધાર વસી પોં;**
**લોભ મ કર ડાતાર ! વસી પોં, હથડ઼ા રખીને ચાર વસી પોં;**
**મિડ઼ે ભન્યા લાચાર વસી પોં, જીયણજા ઑકાર વસી પોં;**
**પિરભેંજા સિણગાર ! વસી પોં, મિઠો ડીંયોં ખીંકાર વસી પોં;**
**કુલા કરીંતો વાર ? વસી પોં, કચ્છડ઼ે થૈ શ્રીકાર વસી પોં.**

કવિ **ડૉ. વિસન નાગડા** મુંબઇનાં વરસાદની વાત માંડતા એમના અનુભવની ઝાંખી કરાવે છે. ગમે તેવો હોય વરસાદને કાંઇ લડાય થોડું ? આવા મીઠા શબ્દપ્રયોગોવાળી કવિની રચના આસ્વાદીએ કવિના પુસ્તક **'મીં'**માંથી...

**મુંભઈ જો મીં**

**મુંભઈ જો મીં આય મુંભઈ જો મીં !**
**પાંનુ તાં હિનકે ન ચૉવાજે કીં !!**
**નાંય કિતે ધૂડ઼, નત્યું ચિકલ્યું કિત નાઈયેં,**
**ઢેલું ન ઢમકેં ન મોર ગીત ગાઈયેં,**
**પુછે વિઠો તાંય, 'કૉ ક્યો નતા ખીં ?'      – મુંભઈ જો...**
**ચાગ-પુતર ચેં તા ઈ ચરેયો આય,**
**મેણું ડીં થ્યો અઞા ધરેયો આય,**
**મીં ને મેમાણ નિકાં કિતરો ડીં ?      – મુંભઈ જો...**

(**મીં**=વરસાદ, **ખીં**=આવકારવું (વેલકમ), **અઞા**=હજી સુધી, **ધરેયો આય**=અહીં જ પડ્યો છે-જતો નથી)

વર્તમાન સાહિત્યકારોમાં અગ્રણી એવા કવિ **માધવ જોશી 'અશ્ક'** ની રચનાઓમાં માધુર્ય ભરેલું હોય છે. કવિ એમના પુસ્તક **'લેર્યું'**ની આ રચનામાં વરસાદ પડે પછીની સ્થિતીને વર્ણવે છે. એમની રચનાઓમાં થોડીક સિંધી ભાષાની છાંટ નજરે ચડે છે. જોઇએ તેની કેટલીક પંક્તિઓઃ

**મિંય વસેં નિંય જા**

**કક્કર ગજેં ઉત્તરમેં, મિયડ઼ા વસેં વસેં !**
**ખિવણ્યું ખિવેં ઈસાની, મિયડ઼ા વસેં વસેં !**
**છિલ્લેં તરા તરાયું, નઈયું બીં કન્ધેં વએં,**
**ચંઈ ડિસમેં પાલર પાણી, મિયડ઼ા વસેં વસેં !**
**ગોયું નચેં કુંઢે મેં ને, મેઈયેં જી હી મસ્તી,**
**ખીરજી નઈયું વઈએં જીં, મિયડ઼ા વસેં વસેં !**

(**કક્કર**=કાળાં વાદળ, **ખિવણ્યું**=વિજળીઓ, **છિલ્લે**=છલકાઇ જાય, **બીં કન્ધેં**=બે કિનારે, **પાલર**=નવા પાણી, **મેઈયું**=ભેંસ)

## "Who is the Richest Man in the World?"

થોડા વર્ષો પહેલા એક કોન્ફરન્સ ભરાઈ હતી. જેના એજેંડાનોં મુખ્ય મુદ્દો એ હતો કè "Who is the Richest Man in the World?" આ દુનિયામાં સૌથી વધારે સુખી માણસ કોણ?

અનેક તત્વચિંતકો, વિદ્વાનો, કલાકારો તેમાં જોડાયા હતા. ઘણા દિવસો સુધી અભ્યાસ ચાલ્યો. અરસ-પરસ વિચારોની આપ લે થઈ. પછી છેકે નિર્ણય આવ્યો કે ......... તે માણસ સૌ થી વધારે સુખી છે. જેની જરૂરીયાતો સૌથી ઓછી, સૌથી સસ્તી અને સૌથી સાદી છે.

અને કેવો સુખી માણસ આ વિશ્વ માં જો કોઈ હોય તો તે જૈન સાધુ છે. તેની જરુરીયાતો સૌથી ઓછી છે. સૌથી સાદી છે. સૌથી સસ્તી છે.

જૈન સાધુ સીવ્યા વિનાના વસ્ત્રો પહેરે છે. માટે તેને દરજીની જરૂર નથી. તો વાળ પોતાની જાતે દરછ મહિને ખેંચીને કાઢે માટે હજામની જરૂર નહીં. પગમાં બુટ ચપ્પલ પહેરે ને તેથી મોચીની જરૂર નથી. દાગીના પહેરે નહિ માટે સોનીની જરૂર નહીં. મકાન બાંધતા નથી માટે કડિયાની કે સુથારની જરૂર નથી. લોકોના ઘરેથી ભીક્ષા માંગી લાવે છે, પણ જાતે રસોઈ બનાવતા નથી માટે રસોઈયાની જરૂર નહીં.

પ્લેન અને રૉકેટ ના યુગમાં તે પોતાનું ડગલું મજબૂતાયથી ધરતી ઉપર માંડ્યા કરે. કુલર અને એસી ના જમાનામાં પણ તે કદી પંખાનું ઉપયોગ ન કરે. ઉપદેશ દ્વારા તે હજારો લોકોના જીવનનું પરિવર્તન કર્યા કરે. કરોડો રૂપિયાના કૌભાંડોના જમાનામાં તે પૈસાને દૂરથી સલામ કરીને મસ્તીથી જીવન જીવે.

આવું ઉત્તમ જીવન આ સંસારમાં સાધુસિવાય કોનું હોઈ શકે? જરૂરિયાત ઓછી હોવાથી પાપો પણ તેમના જીવનમાં ઓછા, જીવન સાદું પવિત્ર રહે તેથી ભગવાનની ભક્તી પણ સુંદર કરી શકે. પરોપકારના કાર્યો પણ તેનાદ્વારા પુષ્કળ થયા કરે. બ્રહ્મચર્યની વિશિષ્ટ તાકાત તેમની પાસે હોવાથી તેનો પ્રભાવ સર્વત્ર ફેલાય કરે.

### સાધુ મહારાજની યાદ ક્યારે?

આખા દિવસમાં સાધુ મહારાજની યાદ ક્યારે આવે? સવારે પથારીમાંથી ઉઠતા ક્યારેય એવો વિચાર આવ્યો કે ધન્ય છે મહાત્માને જીંદગી ભર માટે સંથારા ઉપર સુવાનું ડનલોપ કે મખમલની ગાદીનો ક્યારેય ઉપયોગ નહીં કરવાનો.

બાથરૂમમાં અર્ધા કલાક સુધી શૉવર નીચે થંડા પાણીથી નહાતી વખતે ક્યારેય એવો ભાવ આવ્યો કે ધન્ય છે સાધુ ભગવંતો ને.... જીવનભર કાચા પાણીનો સ્પર્શ તો કરવાનોજ નહી પણ ગરમ પાણીથી સ્નાન પણ કરે નહીં.

કબાટ ખોલીને કપડાના ઢગલામાંથી આજે કયા કપડા પહેરશું અને નિર્ણય લેવા અર્ધો કલાક બગાડીએ ત્યારે વિચાર આવે છે કે ધન્ય છે ગુરૂ ભગવંતને જીંદગીભર કપડાની કોઈ ચોઈસજ નહીં કરવાની. દીક્ષાથી લઈની અંતિમ સમય સુધી એકજ કપડા..... વ્હાઈટ ઍન્ડ વ્હાઈટ.

ડાઈનીંગ ટેબલ પર જમવા બેસીએ ત્યારે ચિક્કાર આઈટમો ભાણામાં ગોઠવાય તો એ વખતે એવો વિચાર આવે કે ધન્ય છે મહાત્માઓને ઘરે ઘરે ફરીને જે મળે તે ભિક્ષાથી ચલાવી લે. ઓછું મળે તો તપોવૃદ્ધી કહીને નભાવી લેવાનું પણ ફર્યાદ કરવાની કોઈ વાત નહીં.

ઘરેથી બહાર નિકળતી વખતે પગમાં ચપ્પળ બુટ પહેરી વાહનમાં બેસભ વખતે એ રિતે ગુરૂ ભગવંતોને યાદ કર્યા કે ધન્ય છે ઉનાળામાં ધોમ ધખતા તાપમા ખુલ્લા પગે જ ચાલવાનું. થાક લાગે તોય ક્યારેય ગાડીમાં બેસવાનું જ નહી.

આવા અલ અલગ ઍંગલથી આખા દિવસમાં. એકાદ વખત પણ જો મુનીભગવંતો ને યાદ કરશુ તો સંભવ છે કે આપણું ચરિત્ર મોહનીય કર્મ ઢીલુ પડ્યા વગર નહીં રહે અને આવું ઉત્તમ જીવન જીવવાનું ક્યારેક મન થશે. અને જૈન સાધુ એટલે એકવીસમી સદીની એક વિશિષ્ટ અજાયબી.

***સંકલન: લક્ષ્મીચંદ ચાપશીં દંડ***
***(જિનાજ્ઞા) મો. 9374881300***

## આડી ચાવી

૧. ટેસ્ટ ક્રિકેટમાંથી થોડા વર્ષો પહેલાં નિવૃત થનાર ભારતીય ક્રિકેટર (૬)
૭. એક શિકારી પક્ષી (૨)
૮. સારા નરસો દહાડા (૫)
૧૦. નિચોડીને કાઢેલો રસ (૩)
૧૨. કુસ્તીબાજ (૨)
૧૩. લાચાર, ગરીબ (૨)
૧૪. ખૂબ, પુષ્કળ (૨)
૧૫. ધરતીનો છેડો (૨)
૧૭. પાંચમું પાતાળ (૪)
૧૮. બકરા ઘેંટા પુરવાની જગ્યા (૨)
૧૯. ૩૦ દિવસનો સમય (૨)
૨૦. ફેફરું (૨)
૨૧. એક બોંધારું હાથિયાર (૩)
૨૨. ઓઢવાની ઓછાડ (૩)
૨૩. કાર્ય (૨)
૨૪. ખબર (૪)
૨૬. કેટલાંક ધાર્મિક પદ્યગ્રંથોને આપવામાં આવેલું નામ (૨)
૨૮. ધ્યાન, ઉદેશ (૨)

## શબ્દાનંદ



૨૯. પરીક્ષામાં .... થવું જરૂરી છે (૨)
૩૨. પાઠ, ધડો (૩)
૩૪. વેર, (૩)
૩૫. આસાનીથી ન સમજાય તે (૩)
૩૬. વગવસીલો (૪)

## ઊભી ચાવી

૧. પૃથ્વી (૩)
૨. જૂઠું બોલવાની ટેવવાળું (૩)
૩. લતામંડપ (૨)
૪. ખરીદનાર (૩)
૫. કિસ્મત (૪)
૬. એક કાંટાળુ વૃક્ષ (૨)
૯. વર્ણ, રંગ (૨)
૧૧. ખબરદારી, સાવધાની (૪)
૧૨. બુદ્ધિ (૨)
૧૪. દેશ - વિદેશ (૬)
૧૫. માટીનું પાણી ભરવાનું પાત્ર (૨)
૧૬. સોબત તેવી... (૩)
૧૭. વિદાય વખતે અપાયેલી ભેટ (૪)
૧૮. મરનારની મિલકતનો હકદાર (૩)
૧૯. એક જાતનું સુતરાઉ કાપડ (૫)
૨૨. જવાહરલાલ નેહરૂ બાળકોના ... હતા (૨)
૨૫. માપ, પ્રમાણ (૨)
૨૭. ધાતુના પતરાની છીછરી થાળી (૩)
૩૦. એક નાનું ચોપગું પ્રાણી (૩)
૩૨. જોર (૨)
૩૩. અંત, નિવેડો (૨)
૩૪. અવયવ, ભાગ (૨)

- વનિતા નાગડા મો. 9820810499



**NUMBER GAME**

**IN THIS BOX, YOU HAVE TO FILL FOLLOWING NUMBERS :**

**2 Digit Nos :** 53, 56, 58, 48, 24, 74, 96, 97.

**3 Digit Nos :** 139, 181, 185, 384, 486, 652, 752, 764.

**4 Digit Nos :** 1428, 1823, 3456, 4319, 5291, 6511, 7436, 8915, 9251.

**5 Digit Nos :** 31298, 38565, 41396, 57284, 57925, 72835, 78991, 65214, 82934, 83259, 97654.

**6 Digit Nos :** 168491, 512346, 639241, 712539, 735176, 745112, 993176, 912836



**IT STILL HOLDS TRUE THAT MAN IS MOST UNIQUELY HUMAN WHEN HE TURNS OBSTACLES INTO OPPORTUNITIES.**

# પાસ થયા - હાર્દિક અભિનંદન



**ભુમી અનીશ શાહ**
ભુજ
H.S.C. 75.38%



***મુદ્રા રૂપેન નાગડા**
વડાલા
ICSE 95.33%



**હિના નીરજ નાગડા**
-
C.B.S.E



**રાશી ગિરીષ લોડાયા**
સાંયરા - હિંગોલી
SSC 91.08%



**રોનક નરેન્દ્ર શિયાડ**
વારાપધર
H.S.C 81.85%



**પંક્તિ ભુપેશ મોમાયા**
ગોરેગામ
SSC 84.80%



**મોક્ષા દિપક મૈશેરી**
ડોંબિવલી
S.S.C. 80.00%



**જિનય વર્ધમાન શાહ**
નલીયા
S.S.C 80.76%



**દીપ ચેતન ખોના**
ઘાટકોપર
H.S.C 68.92%



**ધ્વનિ ચેતન ખોના**
ઘાટકોપર
SSC 90.60%



**નેહા ઉપેન્દ્ર મોમાયા**
ખામગામ
H.S.C 79.08%



**મૈત્રી મયુર નાગડા**
તીરુપુર
H.S.C 70.00%



**અનંત કુમારપાલ ડાગા**
કોઈમ્બતુર
H.S.C 85.84%



**રોષની વિજય શાહ**
મુંબઈ
S.S.C 89.80%



**ગુલશન અભય ડાઘા**
મલકાપુર
S.S.C 94.00%

**ભુલ સુધાર : પ્રકાશ સમીક્ષાના અંક નં. ૨૩. તા. ૩૧ મેથી ૬ જુન ૨૦૧૪ ના ૧૩માં પાના પર પ્રગટ થયેલ વાવાલાપરાજા જાખમાં કુસુમકાંત ટોકરશી નાગડાનું નામ શરત ચુકથી કુસુમકાંત દંડ છપાયું છે તે સુધારીને વાંચવું.**


**E.C.E. TEACHER TRAINING COURSE**
(4 MONTHS CERTIFICATE COURSE )
Regular Batch: Monday To Friday
and
**PHONICS TEACHER TRAINING COURSE**
(1 Week certificate course )
**L .N. MEHTA ED. CLASSES**
Yogesh Sadan, Hing wala Lane,
Ghatkopar (E), MUMBAI - 400077
PHONE: 25014824 \ 25014870 \ 9821285541


## ચાલો કોઠારા
## હાર્દિક નિમંત્રણ

રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.ના. આજ્ઞા વર્તિ પ્રવર્તિની, તથા તાપસ્વીરત્ન પ. પુ. આ. ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ની. આજ્ઞાથી ગચ્છગુરૂનીશ્રી પૂ. ગુલાબશ્રીજી મ.સા.ના શિષ્યા બા. બ્રા. પૂ. જ્યોતિષ્પ્રભાશ્રીજી મ.સા.ના. શિષ્યા બા. બ. પૂ. અર્હત કિર્તિષેણાશ્રીજી મ.સા.ના શિષ્યા બા. બ્ર. પૂ. આનંદ કિરણાશ્રીજી મ.સા.નો. ચાતુર્માસ પ્રાવેશ તા. ૧૦.૦૭.૧૪ ગુરૂવારના કોઠારા તિર્થે થશે.

પર્યુષણ મહાપર્વ તા. ૨૩.૮ શનિવાર થી શરૂ થશે. જે પુજ્યશ્રીઓની પાવન નિશ્રામાં ઉજવાશે. આ પવાન પ્રસંગોએ સર્વે ગામવાસીઓને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

**નિમંત્રક : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન (કોઠારા - કચ્છ)**

## શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટની પ્રશસ્ય કામગીરી

ધીમી ગતિએ આગળ વધતા આ ટ્રસ્ટને છેલ્લા પાંચ વર્ષથી ખૂબ વેગવાન બનાવવામાં હાલના ટ્રસ્ટીઓએ પ્રશસ્ય કામગીરી કરી છે.

મેડિકલ ક્ષેત્રે મદદરૂપ બનવાના ઉમદા આશયથી પ્રવૃત્તિમાન બનેલું આ ટ્રસ્ટ ૨૦૧૦ થી ૨૦૧૪ સુધીમાં અનેક જરૂરતમંદ પરિવારોને રૂપિયા ૩૦ લાખથી વધુ રકમ, અણીને વખતે આપી સહાયભૂત બન્યું છે. ૨૫૦ થી વધુ માંદગીમાં પટકાયેલાઓને તેમની ખરી મૂશ્કેલી વખતે સંસ્થા મદદરૂપ બની છે.

ટ્રસ્ટીઓએ મેડિકલ કેમ્પો યોજી, માંદગીનું વહેલી તકે નિદાન થઈ જાય તેમજ આરોગ્ય અંગેની વિમા કંપની સાથે ટાઈઅપ કરી ઓછા પ્રીમયમે મોટું કવરેજ મળી રહે તે માટે પણ પ્રયત્નો આદરી ટ્રસ્ટના પૈસા બચાવવાનો નેક પ્રયાસ કર્યો છે. વધુમાં વધૂ કેડીઓને મેડિકલઈમનું કવરેજ મળી રહે તો માટે રાહતદરે તેમનો પ્રીમીયમનો ભાર આપી સહાયભૂત થયું છે. જે અભિનંદનીય છે.

હા, દાતાવર્ગની પણ પ્રશંસા કરવી ઘટે. આર્થિક અનુદાન દ્વારા વ્યક્તિગત મદદની મર્યાદા આવી જાય જ. પણ ટ્રસ્ટ મારફત ઉલ્લેખનીય કાર્ય થઈ રહ્યું છે, તે જોતાં શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટને પોતાનું દાન આપી તેમના હાથ મજબુત દિલાવર દાતાઓ કરે એ જરૂરી છે.

સમિતિના ચેરમેન શ્રી પારસભાઈ મૈશેરી અને તેમની ટીમને હાર્દિક અભિનંદન.

***- કુલીનકાંત ચાંપશી લુઠીયા***
*મુલુંડ તા. ૨૫.૬.૧૪*

**ઝુકી તો**



**જવાય ને!**

## ધન્ય ખંડવાવાસીઓને

મધ્ય પ્રદેશમાં નાનકડું શહેર ખંડવા એમાં ગયા મહીને એટલે મે માસમાં શીખરબંધ દેરાસર જિનાલય બંધાવીને પાંચ દિવસનો મહોત્સવ યોજાયો. ગામવાસીઓએ ખુબજ સુંદર વ્યવસ્થા - આરાધના કરેલ. મહેમાનોને અરકન્ડીશન્ડ હોટલોમાં ઉતારો આપેલ હતો. હંશ કુમાર મૈશેરીની આગેવાની હેઠળ રસોડા ડીપાર્ટમેન્ટ સોપાંયેલ હતું. રોજેરોજ નીતનવી વાનગીઓના રસથાળ, અવનવી આઈટમોનો, મીઠાઈઓનો રસાસ્વાદ હતો.

દેરાસરજીમાં પણ કાર્યક્રમો, વરઘોડા, ભવ્યતિભવ્ય, શણગાર, આંગીઓ ખુબજ સુંદર આયોજન હતું. આવા ભવ્ય માહોલમાં અમને એમ કે પુરે પુરો કાર્યક્રમનો લાભ કેમ ન લીધો. આવા સુંદર આયોજન કરવામાટે દાતા પરિવારો, કાર્યકર્તાઓ તેમજ આવેલ જ્ઞાતિજનોનો આભાર.

## ધન્યશ્રી લક્ષ્મીચંદ ધારશી મોતાને

પાંચગણી જેવા શહેરમાં રાજલક્ષ્મી આરોગ્યધામ જ્ઞાતિવાસી ઓ માટે બનાવવા માટે ધન્યવાદ. પાંચગણી બસ સ્ટેશન પાસે અને કીમી હોસ્ટેલની સામેજ જ્ઞાતિવાસીઓ માટે આરોગ્ય ધામ. ટોટલ ૨૨ - બાવીસ રૂમો અધધ લેટેસ્ટ હોટલ કરતા પણ અધિક સગવડો ધરાવતા અને હોટલ કરતાં ઘણાજ ઓછા ભાવમાં રહેવાની ઉત્તમસગવડ તેમજ હેમંત મોતાની કેટરીંગ - કેન્ટીનની સગવડ ધરાવતું - સેલ્ફ કન્ટેન્ડ રૂમો ગરમ પાનીણી સગવડ તેમજ ભોજન / નવકારશીની પણ ઉત્તમ વ્યવસ્થા ધરાવતા આ આરોગ્યધામનો જ્ઞાતિજનોને લાભ લેવા જેવો છે. અમો તેકુલાધુ ગામ વાસીઓ તરફથી શ્રી એલ. ડી મોતાને ધન્યવાદ.

***- અજીત માલશી લોડાયા, કાંતિલાલ વિકમશી, વિનોદ મોતા***

### શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ આયોજીત સમુહલગ્ન - ૨૦૧૪

સમુહલગ્ન કચ્છમાં સમુહલગ્નમાં જોડાવવા તા. ૦૭.૧૨.૧૪ના વ્યક્તિઓને ઈચ્છુક ફોર્મ વહેલી તકે મેળવી લેવા વિનંતી.

સંપર્ક : પ્રબોધ મુનવર (ભુજ) ૯૯૨૫૧૬૯૮૭૬, ગોવિંદજી પટેલ : ૯૮૨૦૫૪૦૯૪૯, કિરણ દંડ : ૯૮૩૩૮૦૮૨૪૪, વિરેન્દ્ર લોડાયા : ૯૮૨૧૦૭૩૮૩૦, ગુલાબ દંડ (અમદાવાદ) : ૯૮૨૪૦૯૭૦૭૮, ચંદ્રેશ છેડા (રાયપુર) ૯૪૨૫૨૧૩૫૪૦, શાંતિલાલ લોડાયા (વડોદરા) : ૯૮૨૪૦૧૨૯૭૧, અરવિંદ લોડાયા (ગાંધીધામ) : ૯૮૨૫૬૩૪૬૪૯, લક્ષ્મીચંદ દંડ (ખંડવા) : ૯૯૭૭૫૫૦૧૧૦.

**અમારા ઘેર હોય પ્રસંગ તેમજ ઉજવીએ આપનો પ્રસંગ : જરૂરથી લાભ લેજો.**

## રાપરગઢવારી તીર્થે ધ્વજા ઉત્સવ તથા અતિથિગૃહ લોકાર્પણ

રાપરગઢવારી તીર્થે વિ.સ. ૨૦૭૦ની મહામંગલારી ધજ સાથે નુતન સેનેટોરિયમનો ઉદઘાટન પ્રસાંગ જેઠ સુદ ૮ ગુરૂવાર તા. ૦૫.૦૬.૧૪ થી જેઠ સુદ ૧૦ શનિવાર, તા. ૦૭.૦૬.૧૪માં ઉલ્હાસભેર ઉજવામાં આવ્યો.

પ્રથમ દિવસે, બપોરે ૨.૩૦ કલાકે અઢાર અભિષેક સંપન્ન થયા. જેનો લાભ માતુશ્રી વાલબાઈનો લખમશી ધરમશી પરિવાર - નાની સિંધોડી એ લીધેલ.

દ્વિતીય દિવસે, બપોરે ૧.૩૦ ને આમંત્રિત મહેમાનો અતિથી વિશેષનું સ્વાગત સમારોહ સંપન્ન થયેલ ત્યાર બાદ સર્વે નુતન સેનેટોરિયમ ખાતે વાજતે. ગાજતે પહોંચ્યા હતા. ત્યાં પ.પુ. મુનિરાજ શ્રી મોક્ષેસ - ચંદ્રસાગરજી મ.સા.ની નિશ્રામાં માતુશ્રી વેલબાઈ લઘુભાઈ હીરજી લોડાયા પરિવાર, (રાપરગઢવારી) એ સંકુલની ઉદઘાટન કરેલ.

ત્યાર બાદ ત્રણેય વિંગનો ઉદઘાટન માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવાર - રાપરગઢવારીના ગૃહસભ્ય તથા મિત્રોએ કરેલ. બાદમાં બહુ ઉદ્દેશીય હોલનો ઉદઘાટન માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા પરિવાર વરાડીયા વતી શ્રી હિરાલાલભાઈ ડાઘાએ કર્યું. ઓફીસ અને પરબનું ઉદઘાટન માતુશ્રી ખેતબાઈ પોતે તથા શ્રી અરવિંદભાઈ અને શ્રી પ્રવિણભાઈ લોડાયાના કર કમલો દ્વારા થયેલ. અન્ય ૧૫ રૂમના લખેણા દાતા પરિવારો વતી રૂમોનું ઉદઘાટન થયેલ. સાથેજ બન્ને સ્ટોર રૂમનું પણ ઉદઘાટન કરવામાં આવેલ.

તૃતીય દિવસે, સવારનાં ૯ સત્તરભેદી પુજા ચાતુર્માસ થઈ વિજય મુહુર્તે ધજા રોહણ સંપન્ન થયેલ. ધજા ફરકાવવાનું લાભ માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવાર રાપરગઢવારીએ લીધેલ. આ પરિવાર વતી આ શુભ ચાંદીની આરતી, મંગલદિવો અને થાળી દેરાસરમાં ઉપયોગી થાય એવી ૩૦ - ૩૫ સુંદર નકશીકામ કરેલ બહુમુલ્યવસ્તુઓ ટ્રસ્ટને અર્પણ કરવામાં આવી. સાથેજ પ્રભુજીના પોઠિયા તથા ચંદરવો પણ અર્પણ કરેલ.

માતુશ્રી વેલબાઈ લઘુભાઈ હીરજી લોડાયા પરિવાર વતી દરેક ડેરીઓ માટે સુંદર નકશીકામ કરેલ મખમલના તોરણ અર્પણ કરવામાં આવેલ. અને શા. લક્ષ્મીચંદ તથા ચાંપશી ભારમલ નાગડા પરિવાર વતી ઉપાશ્રય માટે સુંદર મળતા છોડ અર્પણ કરવામાં આવેલ.

કાર્યક્રમમાં ૫૦૦ની બોહળી સંખ્યામાં સામેલ થયા હતા. સંપુર્ણ કાર્યક્રમ સફલ કરવા પ્રફુલ નાગડા અને ધનેશ લોડાયાની આગેવાની હેઠળ - રાપર - નાની સિંધોડી ની યુવા પાંખે ભારી જહેમત ઉઠાવેલ. એમને શ્રી સોમચંદભાઈ નાગડાનું માર્ગદર્શન પ્રાપ્ત થયેલ દેરાસરજીની સજાવટમાં શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ સખી મંડળની કાર્યકરોની સાથ ખરોજ! સ્થાનિકે શ્રી વિપુલભાઈ લોડાયા, શ્રી હરિશ લોડાયા તથા અબડાસા ગૌશાલા ટ્રસ્ટનાં સભ્યોનું બહુમુલ્ય સાથ સાપડેલ.

## નારી રત્ન એવૉર્ડ

### ડૉ. રાજુલ શાહ (અમદાવાદ)



ડૉ. રાજુલ શાહ એ ભાષા નિદાન ગ્રાફોલોજીસ્ટ, મેન્યુસ્ક્રીપ્ટોસોજીસ્ટ, સ્પીચ થેરપીસ્ટ તેમજ માઈન્ડ એન્ડ સ્પીચ થેરપીસ્ટ છે. તેમણે કચ્છી ભાષાની લીપી તૈયાર કરી છે અને તેને કોમ્પ્યુટરમાં ઉપયોગમાં લઈ શકાય તે માટે સોફ્ટવેર તેમજ કચ્છી ભાષા સરળ રીતે શીખવી શકાય એ માટે તેનો ઈ - લર્નિંગ પ્રોજેક્ટ પણ હાથ ધર્યો છે. મૂળ કચ્છ અબડાસા ગામના સુજાપર ગામના વતની છે. તેમના પિતા વર્ધમાન દેવજી છેડા અને માતા ખમાવંતી બહેન છે. તેઓ વર્ષોથી અમદાવાદમાં રહે છે. ડો. રાજુલબહેન અમદાવાદમાં આર્ટ એન્ડ માઈન્ડ ટ્રેનિંગ સેન્ટર છેલ્લા ૧૭ વર્ષથી ચલાવે છે.

**પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન**
**સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર**

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## નાગપરુમાં કચ્છી નવું વર્ષ ઉજવણી

કચ્છી નવું વર્ષ અષાઢી બીજ તા. ૨૮.૬.૨૦૧૪ શનીવારના રોજ મેઘજી ભાણજી પોલડીયાના ઘરે મહાકાલી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ. (૨૫ વરસથી અષાઢી બીજના રાખવામાં આવે છે). તેમાં જ્ઞાતિ બંધુઓ સર્વે તેમજ અડોશી પડોસની ઘણીજ સારી હાજરી હતી. ભાવનામાં સારી રમઝટ જામી હતી ભાવનાબાદ પ્રસાદ જમણ રાખવામાં આવેલ.

## સમાજ સેવિકા ભારતી રમેશ મોતાએ પ્રવૃત્તિ વિસ્તાર માટે સહયોગનો અનુરોધ કર્યો

મુલુંડ પશ્ચિમમાં બી. પી. રોડ પર ગુપ્તા નિવાસ પાસે અનેકવિધ સેવા પ્રવૃત્તિકરતા ભારતી રમેશ મોતાએ સેવા પ્રવૃતિના વિસ્તાર માટે સહયોગનો અનરુોધ કર્યો છે.

ભારતી મોતા હાલમાં ઉનાળામાં છાસ કેન્દ્ર ચલાવા સાથે કુતરાને દુધ, કબુતરના ચણ, ગાયને ઘાસ, જરૂરતમંદને દવા, ગરીબ બાળકોને દુધ આદિ પ્રવૃત્તિ કરે છે.

તેમને વિશેષ પ્રવૃત્તિમાં દેરાસરની અખંડ જ્યોત માટે છાસ કેન્દ્રના કામમાં જાતે બનાવેલ ઘી તથા ફૂલ આપવા આદિ છે.

તેઓ જેમ જેમ સહયોગ વધતો જાય તેમ સેવા પ્રવૃતિઓ વિસ્તાર કરવા ચાહે છે.

મુલુંડ રહેતા ભારતીબેન જશાપુરના ઝવેરબેન હીરજી લીલાધર મોતાના પુત્રવધુ અને મોટી સીંધોડીના પ્રભાવંતી પ્રેમચંદ લોડાયાના દીકરી છે.

***સંપર્ક : ભારતી રમેશ મોતા :*** 9820885995

## શ્રી કચ્છી જૈન મહિલા મંડળ કલકત્તા

તા. ૨૦.૪.૨૦૧૪ રવિવારના આખા ઈન્ડિયા માંથી ધાર્મિક પરીક્ષા લેવામાં આવેલ તેમાં કલકતાથી ૨૦ જણએ પરીક્ષા આપેલ એમાં મીતા ખુશાલ લાલકા પ્રથમ આવેલ મીરૂાબેન મોતા તરફથી બધાને લસ્સી પીવડાવવામાં આવેલ.

જ તરીકે મીરાબેન મોતા કસ્તુરબેન દેઢીયા હતા. પરીક્ષા થયાબાદ સંઘ તરફથી બધાને ચોવિહાર કરાવામાં આવેલ.

તા. ૧૧.૬.૧૪ નીલમબેન અરવિંદભાઈ શાહના પુત્રની સગાઈ નિમિત્તે તેમના નિવાસ સ્થાને હરખપાર્ટી રાખવામાં આવેલ મંડળની બહેનોએ લગ્નગીતની રમઝટ જમાવી ત્યારબાદ બધાને સાધર્મિક ભક્તિ કરાવેલ મંડળને ૧૦૦૦ રૂા. ભેટ આપેલ.

તા. ૨૧.૬.૧૪ મંડળમાં સેન્ડવીચની હરીફાઈ રાખવામાં આવેલ એમાં પ્રથમ કૃતિકા બુરીચા ૨. દીપાલી મોતા ૩. મીરાબેન મોતાને પ્રાઈઝ મળેલ.

ઉર્મીલાબેન મોતા એ પ્રાર્શ્વનાથ પંચકલ્યાણની પૂજા ઉપર સવાલ જવાબની ગેમ્સ રમાડેલ એમાં ચાર ગ્રુપ કરેલ, પ્રથમ પ્રાઈઝ, મીતા લાલકા, સુશિલા લાલકા, કેતના ગોગરી, સેકન્ડ પ્રાઈઝ ગીતા ગોગરી, બીના શાહ, દીના દેઢી મળેલ.

સંઘના સભ્ય રશ્મીબેન રવિલાલ ભાણજી શાહના લગ્નજીવન ૫૦ વર્ષ પૂરા થયા તેના ઉપલક્ષમાં તેમના તરફથી કચ્છી નવા વર્ષ ઉજવણ નિમિત્તે પાર્શ્વનાથ પંચકલ્યાણની પૂજા ભણાવેલ. સઘં જમણનું આયોજન કરેલ સવારના લાડુની પ્રભાવના પણ તેમના તરફથી કરવામાં આવેલ. મંડળને રૂા. ૫૦૦ ભેટ આપેલ છે.

## શ્રી પુના સંઘ દ્વારા કચ્છી નવ વર્ષની ઉજવણી

શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, પુનાનો વાર્ષિક સર્વ સાધારણ સભા તથા કચ્છી નવ વર્ષને ઉજવણીનો કાર્યક્રમ તા. ૨૮.૬.૧૪ ના રોજ સંપન્ન થયો.

વાર્ષિક સર્વ સાધારણ સભાની શરૂઆત ગત

વર્ષ દરમ્યાન અવસાન પામેલ પુનાના જ્ઞાતિજનોને શ્રધ્ધાંજલિ આપી કરવામાં આવેલ. વાર્ષિક હિસાબો અને વાર્ષિક અહેવાલ રજુ કરવામાં આવ્યા અને સભાની મંજુરી લેવામાં આવી.

હાલની વ્યવસ્થાપક સમિતીની મુદત સમાપ્ત થતી હોવાથી સૌ. હીના ચેતન રતાણીના પ્રમુખપદ હેઠળ નવી વ્યવસ્થાપક સમિતિની વરણી સર્વ સંમતિથી કરવામાં આવેલ. જેમાં શ્રી કીશોર તેજપાલ રતાણી, સૌ. ભાવના ખુશાલ લાલકા, શ્રી દુષ્યંત નરેન્દ્ર લાપસિયા, શ્રી હિરેન નરેન્દ્ર મોમાયા, શ્રી દેવેન્દ્ર પ્રતાપ લોડાયા અને ચિરાગ શરદ નાગડા, જતીન જયંત નાગડા, ચાંદની વિજય ખોનાનો સમિતીમાં નિમણુક થઈ હતી. સલાહકાર તરીકે શ્રી ખુશાલ લાલજી મૈશેરી નિમાયા હતાં. હાલના વિદાય થતા પ્રમુખ શ્રી દિનેશ પદમશી મોમાયા, અ. સૌ. હિનાબેન અને કમીટીને શુભેચ્છા આપી હતી અને કાર્યકાળ દરમ્યાન મળેલ સહકાર બદલ સંઘનો આભાર માન્યો હતો.

ગયા કાર્યક્રમના દાતા પરિવારોનો આર્થિક સહયોગ બદલ સન્માન કરવામાં આવેલ. કચ્છમાં યોજોયેલ યંગ - ઉમંગમાં ભણ લઈ વિવિધ ઈનામો જીતનાર યુવાઓનો પણ સન્માન સંઘ તર્ફે કરી તેમને યોગ્ય પારિતોષિક આપવામાં આવેલ.

વાર્ષિક સભા બાદ કચ્છી નવ વર્ષની ઉજવણીનો સાંસ્કૃતિક કાર્યક્રમ થયો. જેમાં સૌ. પ્રથમ ગત વર્ષ દરમ્યાન પુનામાં જન્મેલ બાળકોનો પરિચય સ્લાઈડ શો દ્વારા કરી તેમને સંઘમાં આવકાર આપવામાં આવેલ. ત્યારબાદ નાના બાળકો માટે ફેન્સી ડ્રેસ નું આયોજન થયેલ.

જંગલ કેરેક્ટર આ - થીમ પર બધા બાળકોએ સુંદર રીતે તૈયાર થઈ ભાગ લીધો હતો. ભાગ લેનાર સહુ બાળકોને પરિતોષિક ભેટ અપાયા હતા. ચી. કરીના મનોજ ધરમશી અને ચિં. હીના અનિલ ધરમશી નો ડયુએટ ડાન્સ રજુ થયું. ચિ. કૃતિ હીરેન મોમાયા અને ચિં. ઉત્કર્ષ ખુશાલ મૈશેરી દ્વારા સોલો ડાન્સેસ રજુ થયા હતાં. ચિ. મૈત્રી જયેશ નાગડા દ્વારા પ્રહસન રજુ થયેલ. રાજસ્થાની શૈલી પર આધારિત એક ગ્રુપ ડાન્સ જેમાં સૌ. હર્ષા હેમલ લોડાયા, સૌ. મીરા જયેશ નાગડા, સૌ. જીનલ કુણાલ નાગડા, સૌ. કાજલ ગૌરવ રતાણી, ચિં. યામીની યતિશ છેડા અને ચિ. ઋતુ મિલન પટલનું ભાગ લીધેલ. નૃત્ય સંયોજન સૌ. હર્ષા લોડાયા અને ચિં. ઋતુ પરેલનું હતું. બધા કાર્યક્રમોને પ્રેક્ષકોએ તાળીઓથી દાદ આપેલ.

શ્રી સંજયભાઈ ધરમશીની સંકલ્પના પર આધારિત અને સૌ. ભાવના અને શ્રી ખુશાલભાઈ મૈશેરી દ્વારા લિખિત અને નિર્દેશિત સામાજીક નાટક સેકન્ડ ઈનિંગસ્ રજુ થયેલ. નિવૃત્ત માતા - પિતા અને સંતાનોના સંબંધોની આજની સામાજીક સમસ્યા નું નિરૂપણ આ નાટક દ્વારા યશસ્વી રીતે કરાયું હતું.

નાટકમાં ભાગ લેનાર કલાકરો. શ્રી પિયુષ દંડ, સૌ. મિનલ દંડ, સૌ. મીના લાલકા, વંદના ધરમશી, શ્રી દુષ્યંત લાપસિયા, સૌ. કલ્પના લાપસિયા, શ્રી ચિરાગ નાગડા, સૌ. રિત્તલ નાગડા, ચિં. પ્રશાંત ગોસર, ચિં. ઉત્કર્ષ મૈશેરી, ચિં. મલ્લિકા લાલકા, ચિં. ઋતુ પટેલ, ચિં. રીયા લાલકા અને શ્રી ખુશાલ મૈશેરી. સુત્ર સંચાલન સૌ. ભાવના મૈશેરી હતું.

કાર્યક્રમનું સંચાલન સૌ. મયુરી પ્રજ્ઞેશ રતાણી અને ચિં. જીનલ યતીશ છેડા એ કરેલ. ચોવિહાર દરમ્યાન બધાએ કચ્છી ખાણાંનો સ્વાદ માણ્યો. ચોવિહારના સહયોગી દાતા તરીકે શ્રી રમેશ પદમશી લોડાયએ લાભ લિધેલ.


**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

સેમ્પલ પીસનું ક્લીયરન્સ ચાલુ છે



**-:કન્યાછાત્રાલય માટે આસીસ્ટન્ટ ગૃહમાતા જોઇએ છે :-**

રહેવા-જમવાની સગવડતા સાથે
કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિજનને પ્રથમ પસંદગી
સંપૂર્ણ બાયોડેટા તથા બે રેફ્રન્સ સાથે સ્વઅક્ષરે અરજી કરો

શ્રીમતી લક્ષ્મીબાઇ વીરજી લધાભાઇ કે.ડી.ઓ.જૈન કન્યાછાત્રાલય,
C/o શ્રી વીરજી લધાભાઇ કે.ડી.ઓ.જૈન વિદ્યાર્થીગૃહ,
લક્ષ્મી નિવાસ, કામાલેન,
ઘાટકોપર (વેસ્ટ) - મુંબઇ-૪૦૦૦૮૬
ફોન: ૨૫૧૦૦૧૫૭ / ૨૫૧૩૩૧૭૪

## શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ ધુલિયા

મહિલા મંચની સભા જેઠ સુદ ૭, તા. ૪.૬.૧૪ વાર બુધવારના સભ્ય સૌ. મનિષાબેન વિપુલ મોમાયાના નિવાસ સ્થાને પ્રમુખશ્રી સૌ. પ્રીતીબેન કાજલ મોમાયાના પ્રમુખપણા હેઠળ મળેલ. સૌ. મનિષાબેને સહુનું સ્વાગત કરેલ. પ.પૂ.શ્રી દેવરત્ન મુનિને શ્રધ્ધાજલિ આપી એમની શાંતિ નિમિતે ૧૨ નવકાર ગણેલ. ગત સૌ. કલ્પનાબેન પ્રદિપ શાહને રોટ્રેક્ટ કલબ ઉંચી પદવી મળેલ તે બદલ અભિનંદન આપેલ. સૌ. મનિષાબેનને જન્મદિવસની બધાઈ આપેલ. એમણે બે વનમિનીટ ગેમ રામડેલ. ૧. માચિસની કાંડીમાંથી સ્વસ્તિક બનાવવાના જેમાં પ્રથમ સૌ. પ્રેરણાબેન વરૂણ ભાટે તથા દ્વિતીય સૌ. કાંતાબેન ચંદ્રકાંત શાહ, ૨ મોટા ફૂગ્ગા ફૂલાવવાના જેમાં પ્રથમ સૌ. કાંતાબેન ચંદ્રકાંત શાહ તથા દ્વિતીય સૌ. નમ્રતાબેન આશિષ સોની તથા સરપ્રાઈઝમાં સૌ. લીનાબેન મયુર લોડાયા વિજેતા રહેલ. જેમને ઈનામ સૌ. મનિષાબેનના માતુશ્રી શ્રીમતી ધનલક્ષ્મીબેન મણિલાલ લોડાયા, અમલનેરવાળા તરફથી આપવામાં આવેલ. સૌ. મનિષાબેન તથા ચિ. અવનીના જન્મદિવસ નિમિત્તે મંચ તથા મડંળને રૂા. ૧૦૧/- શ્રીમતી તારાબેન ફત્તેચંદ મોમાયા તરફથી ભેટ મળેલ.

મંચના સેક્રેટરી સૌ. નમ્રતાબેન આશિષ સોની તથા શ્રી આશિટ્ટષભાઈ મેઘજી સોનીના વરસીતપની પૂર્ણાહૂતિ નિમિત્તે મંચ તરફથી બહુમાન કરેલ. છેલે સૌ મનિષાબેને આભાર વિધિકરી હતી.

## શ્રી પદમમુક્તિ વાત્સલય નિધિ ટ્રસ્ટ (ચાલીસગામ)

પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના. પ્રેરણાથી સ્થાપિત કરેલ ટ્રસ્ટ અને પ.પુ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના. આશિર્વાદ અને માર્ગદર્શને સફળતા પુર્વક પોતાના કાર્યો કરી રહ્યો છે.

શૈક્ષણિક મદદના દાતા : શોભા જીતેન્દ્ર નવીનચંદ્ર લોડાયા (ખારગાવ), કનકલક્ષ્મી સરકાર હસ્તે - અનુશ્રી શાહ ખારગાવ - લખનવ).

સાધર્મિક ભક્તિ એક દિવસના દાતા : પ. પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના. દિક્ષા તિથી તિમિત્તે (હસ્તે - દિનેશભાઈ ભવાનજી ગોસર હૈદ્રાબાદ), શાંતાબાઈ કનક દોશી (ચાલીસગામ), કુમકુમ નરેશ દોશી (ચાલીસગામ), પુજા નરેશ દોશી (ચાલીસગામ), પાયલ નરેશ દોશી (ચાલીસગામ),

કાયમી અન્ન દાનના લાભાર્થી : સોહમરામ ગાંધી (ઘાટકોપર - ઈ) (હસ્તે - માનબાઈ હિરાચંદ નાગડા), યશ રાજા ગાંધી (હસ્તે - માનબાઈ હિરાચંદ નાગડા ઘાટકોપર (ઈ),), પ.પૂ. જયદર્શિતા શ્રી મ.સા.ની દિક્ષા તિથી નિમિતે હસ્તે - લતાબેન લહેરચંદ વિક્રમશી - મસ્જિદ બંદર), વિહાન પ્રતિક દંડ (મુંબઈ - હસ્તે મુદુલાબેન દંડ).

## મહિલા મંચ કારંજા - મુર્તિજાપુર શાખા

મહિલા મંચની બેઠક તા. ૦૫.૦૧.૨૦૧૪ ના પ્રભાબેન વિજય લોડાયાના ઘરે રાખેલ. નવકાર મંત્ર પઠન બાદ ગેમ રમાડવામાં આવી જેમાં વિજેતા સૌ. દર્શના હરીશ ગોસર અને બીજા ક્રમે સૌ. હિના જયેશ લોડાયા આવેલ.

તા. ૧૫.૨.૧૪ ના મંની બેઠક હીરાબેન લહેરચંદ ગોસરના ઘરે રાખવામાં આવેલ. થોડી ચર્ચા વિચારના બાદ બે ગેમ રમાડવામાં આવી. પહેલી ગેમમાં વિજેતા સૌ. પાયલ જીનન લોડાયા અને બીજા ક્રમે સૌ. નેહલ આશીષ મોતા આવેલ. બીજી ગેમમાં વિજેતા હીના જયેશ લોડાયા અને બીજા ક્રમે સૌ. રૂપા નંદીષ લોડાયા આવેલ. વિજેતાઓને પ્રોત્સાહિત કર્યા.

તા. ০૬.૩.૧૪ નાં મંચની બેઠક કોમલ દીલીપ લોડાયા ના ઘરે રાખવામાં આવેલ. કોમલબેને ખાવાની વસ્તુઓ વાપરતી વખતે આપણા જૈન ધર્મના આધારે કઈ વાતો ધ્યાનમાં રાખવી જોઈએ એની સમજણ આપી. એ પછી એક મિનીટની ગેમ રમાડવામાં આવી. પહેલી ગેમમાં વિજેતા દર્શના હરીષ ગોસર હતા. બીજી ગેમમાં વિજેતા હીના જયેશ લોડાયા અને બીજી ક્રમે રાશી રાહુલ ગોસર આવેલ.

તા. ૩૦.૪.૧૪ ના મંચની બેઠક પ્રગતિ તારાચંદ ખોનાના ઘરે રાખવામાં આવેલ. બે ગેમ રમાડવામાં આવી. પહેલી ગેમમાં માથા ઉપર પત્તા બેલેન્સ કરવાના હતા જેમાં વિજેતા હિના જયેશ લોડાયા અને બીજા ક્રમે યોગિતા બિપીન ગોસર

# અભિનંદન... અભિનંદન... અભિનંદન



**મોડપર તીર્થના ટ્રસ્ટીઓ ડાબી બાજુથી સર્વ શ્રી મનોજભાઈ ખોના, નવીનચંદ્ર શાહ, સુનીલભાઈ લોડાયા, પંકજભાઈ ધરમશી, અશોકભાઈ દંડ, જીવરાજભાઈ નાગડા તથા ભુપેન્દ્રભાઈ લોડાયા**

પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આદેશથી આપ સર્વેને આ તીર્થનું નવનિર્માણ કરવાનું કાર્ય સોંપાયેલ, તેને આપે આપની બેજોડ કર્તવ્યનિષ્ઠા, નિઃસ્વાર્થ સેવાભાવ, વિનયી, વ્યવહારીક અને આધુનિક વિચાર સરણીના વાહક, સમર્પણના સંવાહક ગુણો સાથે પૂર્ણ કરી શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ હાલાર પ્રદેશની એકતાનું પ્રદર્શન કરાવી શ્રી સુપાર્શ્વનાથ દાદાની અસિમ કૃપાથી અંજન-શલાકા પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવને ઐતિહાસિક અવિષ્મરણીય બેજોડ સંભારણું બનાવવા તથા સફળતાના ચાર ચાંદ લગાડવા બદલ **અંતઃકરણપૂર્વક અભિનંદન આપીએ છીએ** તેમજ અમોને આવા મહામુલા ધાર્મિક કાર્યમાં સહભાગી બનાવવા બદલ અમો **આપ સર્વેનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.**

**જતીન લોડાયા – અમીત લોડાયા** મોટી ખાવડી-મુલુન્ડ


# દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ

Estd. 1978

**માતુશ્રી જવેરબેન ધનજી કલ્યાણજી ધરમશી ''કચ્છી ભવન''**

૪૪/બી, ૧લો મેઇન રોડ, જે. પી. નગર, ૩જો ફેઝ, મિની ફોરેસ્ટની સામે, બેંગલોર - ૫૬૦ ૦૭૮.

ફોન: ૦૮૦-૨૬૫૮૬૭૯૯, મો. વેન્કટેશ-૮૭૨૨૮ ૦૨૪૨૬, નરેન્દ્રભાઇ - ૮૯૭૦૦ ૪૭૪૦૦, ફેક્સ: ૦૮૦-૨૬૫૮૬૭૯૯

e-mail: dbkdo.jainekkam@yahoo.in - website: www.kutchibhavan.com

**આભાર**

રૂમના દાતા: સરલાબહેન જ્યોતિન્દ્ર વીરેન્દ્ર લાપસિયા (નલિયા/ચેન્નાઇ)

હસ્તે અમીત જ્યોતિન્દ્ર લાપસિયા




કચ્છી ભવનમાં એક રૂમના નકરો રૂપિયા ૨,૫૧,૦૦૦ પ્રમાણે સાત રૂમ માટે દાતાઓની જરૂર છે. જ્ઞાતિ માટે દાનના આ અનન્ય અવસરમાં ભાગ લઇને પુણ્ય કમાવા સહુ જ્ઞાતિજનોને નમ્ર વિનંતી છે.

## લિ. દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ

| પ્રમુખ | માનદ્ મંત્રી |
|---|---|
| **ખુશાલચંદ ધનજી શાહ (ધરમશી)** | **સતીશ દેવજી શાહ (મૈશેરી)** |
| મોબાઇલ: ૯૮૪૪૦-૦૨૩૦૦ | મોબાઇલ: ૯૮૪૫૦ ૪૯૦૦૦ |

બહારગામથી આવતા જ્ઞાતિજનોને કચ્છી ભવનમાં હોલ બૂક કરવા વેંકટેશ મો. ૮૭૨૨૮ ૦૨૪૨૬, નરેન્દ્રભાઇ: ૮૯૭૦૦ ૪૭૪૦૦ અથવા ઓફિસના નંબર પર સંપર્ક સાધવા વિનંતી છે. જ્ઞાતિનાં ભાઇ-બહેનોને ખાસ કન્સેશનનો લાભ આપવામાં આવે છે.

આવેલ. બીજી ગેમમાં પોલો ચોકલેટ એક ઉપર બીજી રાખી તેનું પહાડ બનાવતા જવાનું આ ગેમમાં વિજેતા કોમલ દિલીપ લોડાયા અને બીજા ક્રમે પાયલ જીનન લોડાયા આવેલ.

તા. ૧૫.૬.૧૪ના મંચની બેઠક પાયલ જીનન લોડાયાના ઘરે રાખવામાં આવેલ. પાયલબેને આપણે આપણું જીવન કેવી રીતે સરલ અને સુંદર બનાવી શકીએ એ માટે થોડા સૂચનો આપ્યા, જેમાં દિનચર્ચામાં શું કરવું અને શું નહીં તેવી સમજણ આપી.

પહેલી ગેમમાં વિજેતા સરોજબેને લલિત ખોના અને બીજા ક્રમે વિદ્યા દેવાંગ લોડાયા રહ્યા. બીજી ગેમ પાસીંગ ધ પારસલની હતી જેમાં વિજેતા કોમલ દિલીપ લોડાયા અને બીજા ક્રમે રાશિ રાહુલ ગોસર રહ્યા.

## નલીયા મધ્યે ચાતુર્માસ પ્રવેશ

નલીયા તા. ૨૮.૦૬.૨૦૧૪ આષાઢીબીજનાં દિને તપસ્વીરત્ન પ.પૂ. આ.ભં. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજીનાં આજ્ઞાવર્તીની પ.પૂ. સાધ્વીશ્રી જયધર્માશ્રીજીનું ચાતુર્માસ પ્રવેશ વાજતે - ગાજતે સામૈયા થી થયેલ જેમાં બહુળી સંખ્યામાં સ્થાનિક તેમજ બહારગામથી મહેમાનો પધારેલ હતા. સવારનાં નવકારશી સંઘના રસોડે શ્રી. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલીયા તરફથી હતી. તથા બપોરના સાધર્મિક ભક્તિનો લાભ શ્રી નાગડા ગોત્રના ભાવિકો એ લીધેલ.

બપોરના પદમાવતી પુજન દેરાસરજીમાં શ્રી નાગડાગોત્રના ભાવિકો તરફથી શ્રી કેવલ સાવલા એ કરાવેલ. જેનો સકળ સંઘે લાભ લીધેલ. પ્રવેશ પ્રસંગે પ્રભાવના શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન વતી પેંડાની તથા સંઘ પુજન ભાવિકો તરફથી રૂા. ૧૪૦/- નું વ્યક્તિદીક થયેલ. પ્રવેશ વખતે સંખ્યા ૨૦૦ જણ હતી. સકળકાર્યમાં સંઘે હોંશભેર લાભ લિધેલ.

આ પ્રસંગે રાજ્યમંત્રી તારચંદભાઈ છેડા જૈન મહાજનની મુલાકાત લીધેલ સાથે સાદ્ઘીશ્રી જયધર્માશ્રીનું મ.સા.ના. આશિર્વાદ લીધેલ.

## કચ્છ શક્તિ અષાઢી બીજ ઉજવણી

કચ્છ શક્તિ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષેપણ અષાઢી બીજ - કચ્છી નવા વર્ષની ઉજ્વણી નિમિત્તે લોક ડાયરો, વડીલોનું સન્માન, એવોર્ડ વિતરણ અને નિબંધ સ્પર્ધાઓના વિજેતાઓને પારિતોષિક વિતરણ સહિતનો કાર્યક્રમ યોજાયો હતો.

બિરલા માતુશ્રી સલાગાર - મુંબઈમાં રવિવારે રાત્રે આયોજીત કાર્યક્રમમાં કચ્છ - શક્તિના પ્રમુખ હેમરાજ શાહએ સૌને આવકાર્યા હતા.

આ પ્રસંગે પત્રકાર કિશોર વ્યાસના પુસ્તક તપર્ણનું વિમોચન કરાયું હતું. ચિત્રલેખા અને કચ્છ શક્તિ આયોજીત ઉનારી જીવનની ગઈકાલ, આજ અને આવતી કાલ વિષય પરની નિબંધ સ્પર્ધાના વિજેતાઓને કુલ ૫૦ હજારના પુરસ્કાર અપાયા હતા.

આ વખતના કચ્છ શક્તિ એવોર્ડમાં વિજેતાઓમાં ક.દ.ઓ. સંશોધક શ્રી રાજુલ શાહનો સમાવેશ થાય છે.

આરંભમાં ચેતન ગઢવી અને સાથી કલાકારો દ્વારા લોક ડાયરો રજુ કરાયો હતા. કાર્યક્રમનું સંચાલન કવિ મુકેશ જોશી એ કર્યું હતું. આભાર વિધિ ભરત દનાણીએ કરી હતી.

## શ્રી આર્યરક્ષિત જૈન ધર્મ રક્ષક સંઘ

જૈનાચાર્ય શ્રી કલાપ્રભસાગરસૂરિજી થાણા તીર્થમાં સૂરિપદ રજતોત્સવ ભવ્યતાથી સંપન્ન!

શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘ દ્વારા આયોજિત શ્રી થાણાનાં સંઘોના સહકારથી શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ. ભ.શ્રી. ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ને પ્રતાપી પદ્ધર રાજસ્થાન દક્ષિણ દીપક પ. પૂ. આ. ભ. શ્રી. કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા.ના. સૂરિપદ રજતોત્સવ નિમિત્તે થાના શ્રી મુનિસુવ્રત નવપદ જિનાલય, હેબીનાકા (પ) મધ્યે તેલાતપ, જાપ, મૌન તથા પૌષવ સો ૩૦૦ આરાધકોને સં ૨૦૬૯ મહાવદ ૧૦.૧૧.૧૨ બુધ- ગુરૂ - શુક્ર તા. ૬.૭.૮ માર્ચ ૨૦૧૩ના ધર્મ આરાધના સંપન્ન થઈ.

આ પ્રસંગ પૂ. દાદાગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ.સા.ના સચિત્ર આકર્હક ચાર કલર, આર્ટ પેપર પર ચમત્કારિક ઘટનાના સાથે જીવન જીવન દર્શનના પુસ્તક સુવિચારોની

*વધુ સમાચાર ૩૨માં પાને*

# શ્રી સ્વસ્તિક કપ ૨૦૧૪ (સિઝન ૩)

શ્રી સ્વસ્તિક કપ ૨૦૧૪ દ્વારા ક.દ.ઓ. જ્ઞાતિની ક્રિકેટ ટુર્નામેન્ટ તા. ૫ અને ૬ એપ્રિલના રોજ કે.ડી.એમ.સી. ગ્રાઊન્ડ, ડોંબિવલી (ઇસ્ટ) માં આયોજન કરવામાં આવેલ. જેમા કુલ ૧૨ ટીમે ભાગ લીધેલ. જેમાથી કુલ ૮ ટીમ સુપર-૮ માં આવેલ. બાદમાં સેમી ફાઇનલ - ફાઇનલ અત્યંત ઉત્સુકતાથી રમાયેલ. આ સમગ્ર ટુર્નામેન્ટમાં ચોગ્ગા, છગ્ગા પર તેમજ દરેક વિકેટ પર ઢોલના તાલ સાથે ભાંગડા નૃત્ય કરી વાતાવરણ અત્યંત રોમાંચિત કરી એક ઉત્સવની જેમ ઉજવાયેલ.

## બેટ બોલના મહાસંગ્રામના દાતા પરિવાર

| | |
|---|---|
| સહયોગી દાતા | - માતૃશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત હંસરાજ લોડાયા પરિવાર<br>હ. ધીરેનભાઇ (વાપી) વારાપધર (કલ્પતરૂ રોડલાઇન્સ) |
| કપ તેમજ રોકડ રક્કમના દાતા | - માતૃશ્રી ખમાવંતીબેન ચિમનલાલ ખોના પરિવાર<br>હસ્તે : શૈલેષભાઇ ખોના (મોટી ખાવડી) (એસ. કે. કુરિયર) |
| શુભેચ્છક | - માતૃશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર (રાપરગઢવાલી)<br>માતૃશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા પરિવાર (વરાડીયા) |
| સહ સહયોગી દાતા | - માતૃશ્રી પુષ્પાબેન પાશ્વીર નાગડા (રંગપુર)<br>માતૃની બાયાબેન ગોવિંદજી લોડાયા (મોટી ખાવડી)<br>મે. પટેલ ઓપ્ટીક, ડોંબિવલી (બાંડીયા)<br>શ્રીમતી મેઘના ધુલ્લા (તેરા)<br>શ્રી નરેન્દ્ર હંસરાજ લોડાયા (મોટી ખાવડી)<br>માતૃશ્રી રેણુકાબેન જયંતીલાલ લોડાયા (મોટી ખાવડી)<br>**Sir Academy** (ડોંબિવલી) શ્રી વિરચંદભાઇ મૈશેરી |

જેમના સહયોગથી આ ટુર્નામેન્ટનું બે દિવસનું આયોજન સુંદર રીતે થયેલ. જેમાં યુવા શક્તિને પોતાની ટેલેન્ટ બહાર લાવવાનો મોકો મળેલ. જેમને પ્રોત્સાહીત કરવા આમદાર શ્રી રવિન્દ્ર ચૌહાણ સાહેબ (દાદા), શ્રી શૈલેષભાઇ ખોના, શ્રી રાયચંદ જીવાણી (પ્રમુખ શ્રી ક.દ.ઓ. મંડળ, ડોંબિવલી), શ્રી અતુલ ધરમશી, શ્રી નિતીનભાઇ શાયલા, વિરેન્દ્ર લોડાયા, શ્રી વિપુલ માલદે, શ્રી કિરણ દંડ (ભૂમિરાજ), દિપક લોડાયા, સાયરા મહાજનના પદાધિકારી તથા બ્રાહ્મણ સમાજના મહાનુભવો વગેરે નામી મહાનુભવો પધારી જ્ઞાતિના ક્રિકેટરોને બિરદાવવા સમય કાઢી યુવા શક્તિને પ્રોત્સાહિત કરવા પધારેલ.

| | |
|---|---|
| **ટુર્નામેન્ટનો બેસ્ટ ફિલ્ડર** | - સાગર માલદે - મહાવીર XI (ટ્રોફી તથા રૂા. ૫૦૦ નું રોકડ ઇનામ) |
| **બેસ્ટ બોલર** | - મિથુન (ડોંબિવલી સુપર) (ટ્રોફી તથા રૂા. ૫૦૦ નું રોકડ ઇનામ) |
| **બેસ્ટ બેટ્સમેન** | - વિનિત મુલુંડ, ડોંબિવલી સુપર (ટ્રોફી તથા રૂા. ૫૦૦ નું રોકડ ઇનામ) |
| **મેન ઓફ ધી સિરીજ** | - ભાવિક (Dombivli Stricker) (ટ્રોફી તથા રૂા. ૧૦૦૦ નું રોકડ ઇનામ) |
| **સ્વસ્તિક કપ રનર અપ** | - મુલુન્ડ XI ટ્રોફી સાથે રૂા. ૨,૫૦૦/- નુ રોકડ ઇનામ |
| **સ્વસ્તિક કપ ૨૦૧૪ ચેમ્પિયન** | - ડોંબિવલી સ્ટ્રાઇકર, ચેમ્પીયન્સ ટ્રોફી સાથે રૂા. ૫૦૦૦ નું રોકડ ઇનામ |

દરેકે દરેક ટીમના દરેક ખેલાડીઓને **I Swiss Nutrition** ના ૫૦૦ ગ્રામના ડબ્બા આપવામાં આવેલ.

## સ્વસ્તિક કપ ૨૦૧૪ - મેન ઓફ ધ મેચ (દરેક ટુર્નામેન્ટ) ના સિપાહીઓ....

ચિરાગ (રામાપીર જુનીયર), વિનિત (મુલુન્ડ XI), કલ્પેશ (રામાપીર સીનીયર), અંકિત (ડોંબિવલી સ્ટ્રાઇકર), હિતેશ (યુથ રેનીગન્સ), પરિન (મુલુન્ડXI), રાજીવ (મોર્યાXI), નરેશ (અનંત XI) કેશવ (રામાપીર જુનીયર), કલ્પેશ (રામાપીર સીનીયર), ભાવિક (ડોંબિવલી સ્ટ્રાઇકર), ગૌતમ (સ્વસ્તિકXI) ,

**સુપર ૮ ના મેન ઓફ ધ મેચ** : હર્મેશ (મોર્યા XI), દિક્ષીત (ડોંબિવલી સ્ટ્રાઇકર), નયન (અનંત XI), રોમિલ (મુલુન્ડ XI)

**સેમી ફાઇનલ મેચના મેન ઓફ ધ મેચ** : તેજસ (મોર્યા XI), અમય (મુલુન્ડ)

**ફાઇનલ મેચના મેન ઓફ ધ મેચ** : ભાવિક (ડોંબિવલી સ્ટ્રાઇકર)

સર્વે દાતા પરિવાર, પ્લેયર્સ, આમંત્રિત મહેમાનો, જ્ઞાતિજનો ને અમૂલ્ય સાથસહકાર બદ્દલ હાર્દિક આભાર

# શ્રી સ્વસ્તિક કપ ૨૦૧૪



## મુખ્ય દાતાશ્રી પરિવાર



માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા
(વારાપધ્ધર-કચ્છ)

Kalptaru ROADLINES
Since 1989 The Symbol of Cargo Solution...

Dhiren Shah
+91 9375922251
9898010321

AVANI Print Care
Graphics Designer
One way... to complete printing solution...

Everything in Insurance
(Life/Pension/General/Fire)
ISO 9001 : 2008 certified company



**Bipin Nagda**
India's Leading LIC Agent
In Insurance since 36 years
682, Ajanta Compound, Bhiwandi.
Tel. 02522-254012, Fax.: 236885.
Mob.: 9323525000
E-mail: bipinnagaa@bipinnagda.com
Website: www.bipinnagada.com.

**NCP**





**Rajesh Lodaya**
Vise President

Office : Manoramatai Jansampark Karyalay,
Bhandup Gaon (E), Mumbai-42
Mob: 9323439843 / 8384837869 Email : rajesh.rjl07@gmail.com

# શ્રી સ્વસ્તિક ગ્રુપ ડોંબિવલી

## આયોજીત

# સ્વસ્તિક કપ ૨૦૧૪

## (ક્રિકેટ ટુર્નામેન્ટ)

માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા
(રાપરગઢવારી)
MOTA
**MOTA TRADING PVT. LTD.**
SIMANDHAR EXIM CORPORATION
DFIA/DFRC Licenced Traders
20, Kapadia Chambers, 51-Devji Ratanshi Marg, Masjid (E),
Mumbai - 400 009. 6633 1632 / 6637 6314 Fax : 6637 0057.

શ્રી હિરાલાલ હંસરાજ ડાઘા
(વરાડીયા-મટુંગા)
**AMBA**
SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-09.
2348 1744 Telefax: 2348 1875 Fax: 2348 0567 E-mail : ambashipage@rediffmail.com

# 2014 Swastik Cup

# શ્રી સ્વસ્તિક કપ ૨૦૧૪

**કપ તથા રોકડ રકમના દાતા**

## માતૃશ્રી ખમાવંતીબેન ચિમનલાલ ખોના

હસ્તે : શ્રી શૈલેષભાઇ ખોના

# S. M. COURIERS

Meghna A. Dhulla 9892937740
9892491203

## आROGYAM POLYCLINIC

Nature Pure Centre
All type of acute and Chronic Diseases without Medicine
3, Sant Gyaneshwar Krupa, Sant Namdeo Path, Nr. Gograsswadi, Dombivli (E.)

SIR ACADEMY MISSION education SINCE 2000

# SIR ACADEMY

Std. VIII, IX, S.S.C. XI, XII + XI, XII Commerce
M. P. Road, Dombivli (W.) M. 9323944116

JAVERCHAND M. PATEL M. : 9821684204

# PATEL

Estate Agency
Real Estate Consultants

SEE BETTER, LOOK BETTER
**PATEL OPTIK**
SPECS & CONTACT LENS CLINIC

JATIN J. PATEL M. : 9930013444
Shop No. 6, Sunita Apartment,
Gupte Road, Near Joshi Wadi,
Dombivli (West) - 421202


સ્વસ્તિક કપ - ૨૦૧૪ ની ટ્રોફી


દાતાશ્રી શૈલેષભાઇ તેમજ મહેમાનો દ્વારા સ્વસ્તિક કપ-૨૦૧૪ ની શરૂઆત


દાતાશ્રી શૈલેષભાઇ તેમજ મહેમાનો દ્વારા સ્વસ્તિક કપ-૨૦૧૪ ની શરૂઆત


દાતાશ્રી શૈલેષભાઇ ખોનાનું સન્માન કરતા પ્રમુખશ્રી


મેચની આનંદની પળો માણતા મહાનુભવો


અતિથિ આમદાર શ્રી રવિંદ્ર ચવ્હાણનું બહુમાન કરતા પ્રમુખશ્રી જયેશભાઇ લોડાયા


શ્રી નરેંદ્ર લોડાયા દ્વારા સર્વ પ્લેયરોને I-swiss Nutrician ની ભેટ આપતા અમિતભાઇ


શ્રી ક. દ. ઓ., ડોંબિવલી મંડળના પ્રમુખ
શ્રી રાયચંદ જિવાણીનું સન્માન કરતા શ્રી ભરતભાઇ ખોના


દાતાશ્રી રાજેશભાઇ લોડાયાનું સન્માન કરતા શ્રી ગૌતમભાઇ ધુલ્લા


બેસ્ટ બોલર, બેસ્ટ ફીલ્ડર, મેન ઓફ ધ સીરીઝ નું ઇનામ સ્વીકારતા વિજેતાઓ


શ્રી અભય લોડાયા અને તેમની ટીમ દ્વારા
ભાંગડા નૃત્ય કરી ખેલાડીઓને પ્રોત્સાહન આપતા


શ્રી સ્વસ્તિક કપ - ૨૦૧૪ ની વિજેતા ટીમ - ડોંબિવલી સ્ટ્રાઇકર

શ્રી સ્વસ્તિક ગ્રુપ ડોંબિવલી

આયોજીત

# સ્વસ્તિક કપ ૨૦૧૪

(ક્રિકેટ ટુર્નામેન્ટ)


શ્રી સ્વસ્તિક - ૨૦૧૪ ઉપ વિજેતા ટીમ - મુલુન્ડ XI

*સમાચાર સંકલન ૨૮માં પાને થી આગળ*

પુસ્તિકાઓ પૂ. ગુરૂદેવ શ્રી. ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. દ્વારા પ્રવર્ચિત અચલ તપના ૧૨ પ્રકાર પ્રવચન વી.સી.ડી. તથા અચલગચ્છીય રાઈ - દેવસિ પ્રતિક્રમણ હિન્દી તથા અંગ્રેજીની સાથે પ્રકાશિત પુસ્તકોનું પ્રકાશન થયું.

## માહિતી અધિકાર R.T.I. અંગે માર્ગદર્શન

માનવજ્યોત સેન્ટર, નિત્યાનંદ એપાર્ટમેન્ટ ડી. આર. પી. રોડ, મુલુંડ (વે), મુંબઈ - ૪૦૦૦૮૦. ખાતે દર રવિવારે ૧૦ થી ૧૨ તરૂણ મિત્ર મંડળ ડ.ર્ર.ક્ક. ઊડત્ત્ડડ્ર ચલાવે છે, સેવાભાવી ઉચ્ચ શિક્ષિતો સુંદર માર્ગદર્શન આપે છે.

## સખીવૃંદ પુના

પુષ્પા લોડાયાના ઘરે ૧૪ જુનના બેઠક યોજાઈ. વિષય હતો રાજયોગનો પરિચય. બ્રહ્મકુમારી પથના રાજયોગમાં જોડાયેલ. સરિતારાઠીજીએ કહ્યું તમારા વિચારો હકારાત્મક (પોઝીટીવ) હોવા જોઈએ. જેવા વિચારો તેવું વર્તન - વિચાર બદલો તો વિશ્વ બદલાશે. સ્વભાવ બદલો તો સ્વાસ્થ સુધરશે. નકારાત્મક (નેગેટીવ) વિચારોથી બદલો, ગુસ્સો, ઉદાસી, ઈર્ષા, ચિંતા, ડર, એકલતા જેવા શત્રુઓ ઉદભવે છે. આની વિપરીત અસર આપણી તંદુરસ્તી પર પડે છે. પરિણામે હાર્ટની બિમારી, હાય બી.પી. બ્રેઈન હેમરેજ, ચામડીના રોગો, આર્થરાઈટીસ વગેરે રોગો હુમલો કરે છે.

સરિતાજીએ આગળ જણાવ્યું કે રાજયોગના સિદ્ધાંત મુજબ જ્ઞાન એટલે સમજ, પવિત્રતા, પ્રેમ, સ્વીકાર, આનંદ, અને ક્ષમા આ ગુણો કેળવવાથી જીવન સહજિક રીતે સકારાત્મક (પોઝીટીવ) બનશે. આપણું મન ખુબજ ચંચળ છે, ભુત, ભવિષ્ય પર જ કુદકા મારતું હોય છે. ન ભુતો ન ભવિશ્યતિ વર્તમાનમાં જીવતાં શીખો.

નારીશક્તિની શ્રૃંખલામાં શ્વેતાં ડાગાએ સતીના અનેક સ્વરૂપો નિખારતી મહાસતી દ્રૌપદીના જીવન ચરિત્રનો પરિચય કરાવ્યો.

## શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ - મુલુંડ શૈક્ષણિક સહાય

શ્રી ક.દ.ઓ. સર્વોદય મડંળ - મુલુંડ દર વર્ષે શૈક્ષણિક સહાય અને એસ. એસ. સી. થી હાયર એજ્યુકેશન માટે જ્ઞાતિના વિદ્યાર્થીઓની અનુકુલતા મુજબ ચોપડાઓ આપે છે. જે વિદ્યાર્થીઓ ગયા વર્ષે ચોપડા ઓ લઈ ગયા હોય તે લોકો પરિક્ષા પુર્ણ થયા બાદ તરતજ પાછા આપી જાય એવા અનુરોધ છે.

સરસ્વતીની સન્માન માટે મુલુંડ માં વસતા જ્ઞાતિના વિદ્યાર્થીઓ નીચે મુજબની ટકાવારીથી ઉપર ટકા આવ્યા હોય તેઓ પોતાના ઓરીજનલ અને ઝરોક્સ કોપી સાથે મંડળનાં વહીવટ કાર્યાલય શ્રી વીરજી જવરાજ મેપાણી હોલ, દેવપુંજ, કસ્તુરબા રોડ, મુલુંડ (વે), મધ્યે દર રવિવારનાં સવારના ૧૧ થી ૧૨.૩૦ કલાક દરમ્યાન તા. ૧૦.૮.૧૪ પહેલાં ફોર્મ ભરીજાય. ધોરણ - ૧ થી ૫ માટે ૮૫ ટકા, ધોરણ ૫ થી ૯ મોટ ૭૫ ટકા, એસ. એસ. સી. માટે ૮૦ ટકા, ૧૧ અને ૧૨ માટે ૭૦ ટકા, ગ્રેજ્યુએશન માટે ૬૦ ટકા અને હાયર ગ્રેજ્યુએશન માટે ૫૦ ટકા.

## કેન્સર એટલે કેન્સલ નહીં જઃ જાનબાજ રાજકુમારની બોલ્ડ એન્ડ બ્યુટી ફુલ કારકીર્દિના એંધાણ



સોનગઢ બાલાશ્રમમાં ભણતા રાજકુમાર મણશી દંડને એક ભયાનક દિવસે ગળામાં ગાંઠ દેખાઈ, નાકમાંથી લોહી વહેતી થઈ. સંસ્થાના અન્ય બાળકો, ટ્રસ્ટીઓની વિગેરેની ચિંતાનો કોઈ પાર નહીં. મા - બાપે મુંબઈ બોલાવ્યા અને લવકુશ હોસ્પિટલમાં ડો. ખોનાની કલીનક અને જ્યુપીટર હોસ્પિટલમાં ચેકઅપ કરાવતાં નિદાન એ આવ્યું કે બ્રેઈન ટયુમર છે.

બાયોપ્સી, કીમોથેરપી, રડિએશન વિગેરે કઠીન થેરપીના દોરમાંથી પસાર થઈ આ ગંભીર બીમારી સામે રાજકુમાર બહાદુરીપૂર્વક લડયો. જ્યુપીટર હોસ્પિટલમાં સ્પેશીયાલીસ્ટ ડોક્ટરોનો પણ આ પેશન્ટ હસમુખો રાજકુમાર માનીતો અને લાડલો બની ગયો. ભારે હિંમતપૂર્વક આ ભયાનક બીમારીનો સામનો કરી સમયસરની બધીય વિધિઓમાંથી હેમખેમ પસાર થયો. પરિણામે ૧૨ માસમાં જ લગભગ બીમારી ઊભી પૂંછડીએ ભાગી ગઈ.

આજે નવજીવન પામેલા રાજકુમારે એસ.એસ.સી.ની પરીક્ષા ૮૨ ટકા જેવા ખુબ સારા માર્કે પાસ કરી. માંદગીમાં પટકાયેલા વિદ્યાર્થીઓને બહાદુરીપુર્વક ઝઝુમવાના જ્વલંત ઉદાહરણ પુરૂં પાડેલ છે.

***જાંબાજ રાજકુમારની બહાદુરીને સો સો સલામ !*** *માનવજ્યોતની પ્રેસનોટ*

**નવા/બદલાયેલા સરનામા–** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **પદમીની વિજય લોડાયા** | સી-૫૦૧, આરવ અપાર્ટમેન્ટ, સર્વે નં-૨૮, યશવંતરાવ ચૌહાન સભાગૃહની સામે કોઠરૂડ, પુણે- ૪૧૧૦૩૮ |
| **કિરીટ પુનશી માલદે** | સી-૮૩, મુનશી એસ્ટેટ, મહાત્મા ગાંધી રોડ, મુલુંડ (પ) મુંબઇ - ૮૦. |
| **હંસકુમાર ડી. લોડાયા** | ૯૩, વેસ્ટ વેંટેસમી રોડ, આર.એસ.પુરમ, કોઇમ્બતુર - ૬૪૧૦૦૨ |
| **બકીંમ ગોંવિદજી લાલકા** | ૭૦૧ જેનીથ સાતમે માળે, એલ.બી.એસ.રોડ, સંતોષી માતા મંદિરની બાજુમાં મુલુંડ (પ) મુંબઇ - ૪૦૦ ૦૮૦ |
| **માણેકજી વસનજી છેડા** | ૩૦૫, ત્રીજા માળે, હોરીઝોન ફલોરા, કસ્તુરબા ક્રોસ રોડ, મુલુંડ (પ) મુંબઇ - ૪૦૦ ૦૮૦ |
| **પંકજ મોમાયા** | કે.ઓ./મુરજી એન. મોતા જૈન મંદિર રાયધણજાર, કચ્છ, ગુજરાત |
| **વિજય ડી. મૈશેરી** | રૂમ નં ૯, નવલ વિહાર, જસુ સદનની પાછળ, ગૌશાળા રોડ, મુલુંડ (પ) મુંબઇ - ૪૦૦ ૦૮૦ |
| **વિરેશ ડી. નાગડા** | ફલેટ નં ૩૦૪, એમ એ-લક્ષ્મી એવેન્યુ, પ્લોટ નં -૨૭, સેક્ટર -૩૬, કામોઠે, નવી મુંબઇ - ૪૧૦૨૦૯ |
| **અનિલ મેઘજી મોતા** | એફ/એચ. ૪૩૨, સ્કીમ નં. ૫૪, વિજય નગર, મેઘદૂત ગાર્ડનની સામે, ઈંદોર - ૪૫૨૦૧૦ |
| **ચેતન હંસરાજ મોમાયા** | ૨૦૧/૨૦૨, ધવલગીરી નિલકંઠ વિહાર, કુર્લા ટર્મિનસ રોડ, વિદ્યાવિહાર (પૂ) મુંબઇ - ૪૦૦ ૦૭૭ |
| **મંજુલાબેન દામજી મૈશેરી** | રૂ નં ૧૩૦૭/૧૩૦૮, ધવલગીરી, નીલકંઠ વિહાર, કુર્લા પાઇપ લાઇન રોડ, સોમૈયા કોલેજની નજીક, ઘાટકોપર (પૂ) મુંબઇ - ૪૦૦ ૦૭૭ |

**જીવનચક્ર** (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮.૦૫.૧૪ | ડોંબિવલી | મંથલી- હીરલ/ દુર્ગેશ સુર્યકાંત લોડાયા રવા | | પુત્રી |
| ૧૬.૦૫.૧૪ | ડોંબિવલી | યશ્વી - ઈશીતા/ પિયુષ નરેન્દ્ર દંડ | દલતુંગી | પુત્રી |
| ૧૪.૦૫.૧૪ | વડાલા | અનુશ્રી - અમિની/ હાર્દિક પરેશ ધરમશી | કોઠારા | પુત્રી |

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦.૦૬.૧૪ | મુલુંડ | જીગર પ્રદીપ ખીમજી ગોસર | બાયઠ | ૨૪ |
| | ડોંબિવલી | નિશા ચંદ્રકાંત મોતા | ગોરખડી | ૨૩ |

**આંતર જ્ઞાતિય સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૬.૧૪ | માટુંગા | ધવલ રાજેશ ચંદુલાલ શાહ | લીંબડી | ૨૩ |
| | મુલુંડ | આસ્થા ગૌતમ સોમચંદ દંડ | વરાડીયા | ૨૨ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૦૬.૧૪ | સાનપાડા | જયેશ ગુલાબચંદ નરપાર ખોના | નલીયા | ૪૮ |
| ૨૮.૦૬.૧૪ | વીલેપાર્લે | નલીનીબેન ઠાકરશી ટોકરશી ધરમસી | જખૌ | ૭૫ |
| ૩૦.૦૬.૧૪ | કોપરખૈરાણે | ધનલક્ષ્મી પદમશી મોરારજી દંડ | લાલા | ૮૧ |
| ૦૨.૦૭.૧૪ | પુણે | રાજબાઇ ડુંગરશી ધારશી શિઆડ | દલતુંગી | ૮૩ |
| ૦૨.૦૭.૧૪ | હુબલી | તુષાર કરમચંદ આણંદજી વિકમશી | વરાડીયા | ૬૪ |
| ૦૪.૦૭.૧૪ | માટુંગા | ભારતી હંસ ભવાનજી ખોના | તેરા | ૭૨ |

## ડાઘા તથા નાગડા પરિવારનું ગૌરવ



### ચિ. ગુલશન અભય ડાઘા
(મલકાપુર - વરાડીયા)

ચિ. ગુલશન S.S.C. (CBSE Board) પરિક્ષામાં 94%
મેળવી ઉત્તીર્ણ થયેલ છે. તેઓએ એમજ ભાવિ જીવનમાં
ઉત્તરોત્તર પ્રગતિ કરે એજ હાર્દિક શુભેચ્છા....

શુભેચ્છુક

દાદા - દાદી : વિમલાબેન ઠાકરસી પીતાબંર ડાઘા (મલકાપુર)
નાના - નાની : લક્ષ્મીબેન ટોકરશી ભવાનજી નાગડા (શિરપુર)
મમ્મી - પાપા : સૌ. લિના અભય ઠાકરસી ડાઘા
તથા સમસ્ત ડાઘા પરિવાર, મલકાપુર (કચ્છ - વરાડીયા)

## હાર્દિક અભિનંદન
## લોડાયા અને નાગડા પરિવારનું ગૌરવ



### ચિ. કુ. રાશી ગિરીશ લોડાયા
(સાંયરા - હિંગોલી)

ચિ. રાશી S.S.C. (મહારષ્ટ્ર બોર્ડ)ની
પરીક્ષામાં 91.08%
માર્ક્સ મેળવી ઉત્તીર્ણ થયેલ છે.
અમારી લાડલી જીવનનાં
દરેક ક્ષેત્રે પ્રગતિના
શિખરો સર કરે એવી
શુભેચ્છાઓ અને શુભાશિષ.

દાદી - દાદા : ગં. સ્વ. લીલાવંતી રાયચંદ લોડાયા
નાની - નાના : અ.સૌ. ગીતા વિનોદ નાગડા
(તેરા - નિજામાબાદ)
માતા - પિતા : અ.સૌ. તારીકા ગિરીશ લોડાયા
કાકી - કાકા : અ.સૌ. કેતના જયેશ લોડાયા
મામી - મામા : અ.સૌ. વર્ષા પારસ નાગડા
માસી - માસા : અ.સૌ. સારીકા પરેશ ડાઘા
(વરાડીયા - અમદાવાદ)
અને સમસ્ત લોડાયા પરિવાર

અસાંજી દીદી કે લખ લખ વધાઈયું
ચિ. સનત, દષ્ટિ, દિપ્તિ, પુજા, ભક્તિ, ધારા


શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાસહ.....
શીતલ કોટન ટ્રેડર્સ
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઇમ્બતુર)



ABDASA (KACHCHH) GAUSHALA TRUST
(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.
Mumbai Office : 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500



જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

### નાંદેડ ગુજરાતી સમાજના યુવા અધ્યક્ષ

## કેતનભાઈ કુલીનકાન્ત ગોવિંદજી નાગડા (તેરા)ને

### મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળનો

# "મહારાષ્ટ્ર ગૌરવ એવોર્ડ"



નાંદેડમાં રહી લોકસેવા દ્વારા સૌના હૃદય જીતનારા શ્રઈ કેતન કુલીનકાંતભાઈ નાગડા (તેરા)ને વિશ્વ ગુજરાતી સમાજ અને મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ અને મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળ દ્વારા વર્ષ ૨૦૧૪નો મહારાષ્ટ્ર ગૌરવ એવોર્ડ મુંબઈ (દાદર)ના યોગી સભાગૃહમાં યોજાયેલા એક ભવ્ય સમારંભમાં વિશ્વ ગુજરાતી સમાજના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાંત વખારીયા મહારાષ્ટ્ર ગુજરાતી સમાજના અધ્યક્ષ શ્રી હેમરાજભાઈ શાહ, મુખ્ય અતિથી શ્રી અરૂણભાઈ ગુજરાતીના હસ્તે એનાયત કરવામાં આવ્યો.

એ પ્રસંગે નાંદેડ ગુજરાતી સમાજના માનદ સચિવ શ્રી શાંતીલાલ પટેલ, ઉપપ્રમુખ શ્રી વિશ્રામભાઈ ભાનુશાલી, ગુજરાતી શિક્ષણ સંસ્થાના અધ્યક્ષ શ્રી કરસનભાઈ પટેલ, માનદ મંત્રી શ્રી પ્રવિણભાઈ પટેલ, સહમંત્રી શ્રીહરેશભાઈ ઠક્કર, કાર્યકારી સદસ્ય શ્રી મિતેશ શાહ તથા ચેતન ચવ્હાણની વિશેષ હાજરી હતી. શ્રી કેતનભાઈના માતોશ્રી શ્રીમતી મધુબેન નાગડા તથા તેમના પત્ની સૌ. મિનલબેન નાગડા, તેમજ નાંદેડ દક્ષિણ વિભાગના ધારાસભ્ય શ્રી ઓમપ્રકાશ પોકર્ણા એ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી. શ્રી કેતન નાગડાને મળેલ પુરસ્કાર બદ્દલ નાંદેડ સર્વ ગુજરાતી સમાજ, ગુજરાતી શિક્ષણ સંસ્થા તથા ગુજરાતી સમાજ મહિલામંડળ, યુવક મંડળ હાર્દિક શુભેચ્છા અને અભિનંદન આપ્યાં હતા. શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિના આગેવાનો તથા તેરા ગામવાસીઓએ પણ તેમને મહારાષ્ટ્ર સ્તરનું મોટું સન્માન મેળવી જ્ઞાતિ અને ગામનું ગૌરવ વધારવા બદલ અભિનંદન આપ્યા હતા.

### શ્રી કેતન કુલીનકાંત નાગડા
### (સમાજ સેવા)



- વ્યવસાયે બિલ્ડર એવા કેતનભાઈ કુલીનકાંત નાગડા નાંદેડમાં સમાજસેવા ક્ષેત્રે આગળ પડતા છે.
- ૨૦૧૨ થી નાંદેડ ગુજરાતી સમાજના પ્રમુખ છે.
- જૈન મિત્ર મંડળ - નાંદેડ અને ગુજરાતી નવયુવક મંડળના પ્રમુખ તરીકે રહ્યા હતા.
- નાંદેડમાં બ્લડ ડોનેશનની પ્રવૃત્તિમાં અગ્રગણ્ય ભૂમિકા ભજવે છે.
- ખાડકુટમાં જગદીશ મહારાજની ગૌશાળામાં સક્રિય સભ્ય છે.
- સિવિલ હૉસ્પિટલમાં ગરીબ દરદીઓને નિયમિત ભોજન પુરું પાડવાના કાર્યમાં જોડાયેલા છે.
- પોતે જે દાન અને સેવાનું કાર્ય કરે છે તેના પ્રેરણાસ્રોત પોતાના પિતા શ્રી કુલીનકાંતભાઈને ગણાવે છે.



મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળ રજત જયંતિ વર્ષ (૧૯૮૯-૨૦૧૪) સ્મરણિકામાંની નોંધ

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 ıday of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# મહારાષ્ટ્ર ગૌરવ થઈ
# અમારું ગૌરવ વધારવા બદલ હાર્દિક અભિનંદન



## શ્રી કેતન કુલીનકાન્ત નાગડા (તેરા-નાંદેડ)

### મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળનો
### "મહારાષ્ટ્ર ગૌરવ એવોર્ડ" મેળવવા બદલ અભિનંદન

તારા જેવો હીરલો જવેરીઓથી પરખાય છે
તારો કીર્તિ સ્થંભ ઊંચોને ઊંચો થતો રહે
અમ સૌના હૈયામાં એવી શુભેચ્છાઓ ઘુંટાય છે!

**◈ શુભકામના ◈**

માતુશ્રી મુરબાઈ વિસનજી શીવજી લોડાયા પરિવાર (બાંઢિયા)
માતુશ્રી જયાબાઈ દામજી વિસનજી ધરમશી પરિવાર (જખૌ)
વતી અ.સૌ. પ્રભા હેમેંદ્ર લોડાયા (હાલ-મુલુંડ)


માતુશ્રી મુરબાઈ


માતુશ્રી જયાબાઈ


અ.સૌ. પ્રભાબેન

To,

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.